Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઇટ, ભાવનગર - ૩૬૪૦૦૧

આત્મ સંવત : ૩૨/૩૩

વીર સંવત : ૨૪૯૩/૯૪ 53/54

વિક્રમ સંવત :

પુસ્તક : ૨૫

સને :

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

પુ=૨૫
અંક=૧થી૧૨

श्री
# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यवतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५३ श्रावण. आत्म सं. ३२ { अंक १ लो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| | |
|---|---|
| ૧ પ્રારંભ-મંગળ. દેવ, ગુરૂ, ધર્મ વંદન. ... ... ... ... ૧ | ૭ એકાદશ અંગોમાં નિરૂપણ કરેલ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... ૧૮ |
| ૨ મંગળ-પ્રાર્થના ... ... ... ૨ | ૮ યૌવન. ... ... ... ... ૨૦ |
| ૩ નૂતન વર્ષનું મંગળમય વિધાન... ૩ | ૯ પરિપાટી. ... ... ... ... ૨૧ |
| ૪ કેટલાક ઉપયોગી વિચારો. ... ૧૦ | ૧૦ આપણી ( જૈનોની ) વીરતા ક્યાં ? ... ... ... ... ૨૪ |
| ૫ અમારી ભાવના ... ... ... ૧૪ | ૧૧ પ્રકીર્ણ અને વર્તમાન સમાચાર. ૨૬ |
| ૬ પર્યુષણપર્વ અને તેની આરાધના. ૧૫ | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી કુમારપાળ પ્રતિબોધ-ભાષાંતર.

અખિલ વિદ્યાપારંગત, સકલશાસ્ત્રનિષ્ણાત, જ્ઞાનના મહાસાગર કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે** ગુજરાતના પ્રખ્યાત ચૌલુક્ય **રાજા કુમારપાળ મહારાજને** સમયે સમયે જૈનધર્મનો બોધ, વિવિધ વ્યાખ્યાનદ્વારા તે તે વિષયોની અનેક સુંદર રસિક કથાઓ સહિત આપેલ, કે જેની અસરથી કુમારપાળ નરેશે જૈનધર્મનો સ્વીકાર ( શિવધર્મ છોડી દઇ ) ક્રમશઃ કેવી રીતે કર્યો, અને સનાતન જૈનધર્મનો સ્વીકાર કરી મહારાજા કુમારપાળે કરેલ જિન ધર્મની અતુલ પ્રભાવના, વગડાવેલ જીવદયાનો ( અહિંસા ધર્મનો ) ડંકો, કરેલ તીર્થ અને રથયાત્રા, કરવામાં આવેલ શાસનની વિપુલ પ્રભાવના, રાજાની દિવસ તથા રાત્રીની ચર્ચા ( રાજકીય વ્યવહારિક તેમજ ધાર્મિક કર્તવ્યપાલના ), નૃપતિની ઉચ્ચ ભાવના, નિત્ય સ્મરણ વગેરે અનેક બનાવો આ સર્વ સરલ, સુંદર, રસિક, હોવાથી દરેક વાંચકના હૃદય ઓતપ્રોત થઇ જતાં વૈરાગ્ય રસથી આત્મા છલકાઈ જઇ મોક્ષનો અભિલાષી બને છે. આ ગ્રંથ જૈનેતર વાંચે તો જૈન બની જાય, તો જૈન કુળમાં જન્મેલ વાંચતાં પરમ જૈન બને તે નિર્વિવાદ છે.

સાહિત્યના સાગરના તરંગોને ઉછાળનાર, શાંત રસાદિ સૌંદર્યથી સુશોભિત, અને ભવ્ય-જનોને રસભર કથાઓના પાન સાથે, સત્ય ઉપદેશ અને સદ્‌જ્ઞાન રૂપી અમૃતનું પાન કરાવનાર, આ ગ્રંથના લેખક શ્રી સોમપ્રભાચાર્ય મહારાજ છે, કે જે રાજા કુમારપાળના સમકાલીન વિદ્યમાન ( હૈયાત ) હતા. આ ગ્રંથ કુમારપાળ રાજાના સ્વર્ગવાસ પછી ૧૧ મે વર્ષેજ લેખક મહાત્માએ લખેલ છે જેથી તેની તમામ ઘટનાનો તેજ સત્ય પુરાવો છે.

આ ગ્રંથના પઠન પાઠનથી મહામંગળરૂપ ધર્મ, તેની પ્રાપ્તિ થતાં આત્મજ્ઞાનની ભાવનાઓ પ્રગટ થતાં નિર્મળ સમ્યકત્વ, જૈનત્વ, અને છેવટે પરમાત્મત્વ પ્રકટ કરાવનાર એક ઉત્તમ અને અપૂર્વ રચના છે, કે જે શેઠ શ્રી નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સીરીઝ તરીકે ( મદદવડે ) છપાયેલ છે.

શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી તથા પરમાર્હત કુમારપાળ મહારાજા બંને મહા પુરૂષોની વિવિધ રંગોથી ભરપૂર છબીઓ કલાની દૃષ્ટિએ મોટો ખર્ચ કરી બહુજ સુંદર, આકર્ષક, જિજ્ઞાસુઓને દર્શન કરવાની અભિલાષા પૂર્ણ કરવા માટે તૈયાર કરાવી આ ગ્રંથમાં દાખલ કરેલ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપોથી છપાવી, સુશોભિત કપડાના પાકા બાઇડીંગથી બંધાવી આ અમુલ્ય ગ્રંથને અલંકાર રૂપે તૈયાર કરેલ છે. સુમારે સાઠ ફોર્મ રોયલ સાઇઝ આઠપેજી પાંચસેંહ પાનાના આ ગ્રંથની રૂા. ૩-૧૨-૦ પોણાચાર રૂપૈયા કિંમત રાખેલ છે. જૈન નામ ધરાવનારા કોઇ પણ બંધુ બ્હેનના ગૃહમાં, નિવાર સ્થાનમાં અને નિરંતર અભ્યાસ માટે પોતા પાસે આ ગ્રંથ હોવોજ જોઇએ.

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચીત.

# ધર્મબિન્દુ ગ્રંથ.

( મૂળ અને મૂળ ટીકાનું શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )

( આવૃત્તિ બીજી )

જિન વચનામૃત મહોદધિમાંથી ધુરંધર ગીતારથ પૂર્વાચાર્ય વચન તરંગ બિન્દુ રૂપ ગૃહસ્થ અને યતિધર્મનું શુદ્ધ સ્વરૂપ બતાવનાર અતી ઉપયોગી આ અપૂર્વ ગ્રંથ હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ ગ્રંથની રચના સંસ્કૃત સૂત્રરૂપે એવી સુંદર રીતે કરવામાં આવી છે કે જેના અર્થના ઉત્તમ ગૌરવ સાથે વિષયનો ઉદ્દેશ સારી રીતે સચવાએલો છે, તેની ઉપર કરવામાં આવેલી વૃતિ સૂત્રાર્થનું સ્ફોટન કરવામાં ઘણીજ ઉપયોગી છે જે વિષય સૂત્રમાં ઉદ્દિષ્ટ હોય તેનું રૂપ જેવું સુત્રકારે આલેખ્યું હોય તેવું ઉત્તમ રીતે મૂલને અધિક પ્રકાશ મળે તેમ સ્પષ્ટ કરવામાં વૃત્તિકારે પોતાની કુશળતા સારી રીતે બતાવી આપી છે. મૂળ ગ્રંથકારે સુત્રનો જે અર્થ દર્શાવ્યો હોય તેમાં શું રહસ્ય છે એ સમજાવવાને માટે વૃતિકારે કોઇ કોઇ સ્થળે ઘણું સારૂં વિવેચન કરેલું છે.

આ ગ્રંથના મૂળ કર્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં ચૌદસોને ચુંમાલીશ ગ્રથોના કર્તા તરીકે પ્રખ્યાત છે. તેની કૃતિમાં અદ્ભુત અને સુબોધક રચનાનું દર્શન થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. તે મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના ધર્મ બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યો છે. વિષય, સંબંધ, પ્રયોજન અને અધિકાર એ ચાર અનુબંધની ઘટના કરી ગ્રંથકર્તાએ લેખના આદ્ય સ્વરૂપનું યુક્તિપૂર્વક વિવેચન કર્યું છે. સૂત્રના ટુંકા ટુંકા શબ્દોથી યતિ અને ગૃહસ્થના ધર્મ વિષયના અનંત ભંડાર દર્શાવી કર્તાએ આ ધર્મબિદુરૂપે એક અપૂર્વ ધર્મ સંહિતા ગ્રંથિત કરેલી છે તે સાથે સૂત્ર શ્રંખલા એવી રમણીય ગોઠવી છે કે, જે ઉપરથી સિદ્ધ કરેલા ધર્મના નિયમો ક્રમાનુસાર સ્મૃતિ વિષયમાં રહી શકે છે.

આ ઉપયોગી ગ્રંથની વૃત્તિના કર્ત્તા શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ છે. સુત્રની ગ્રંથનામાં દર્શાવેલા શબ્દોના અર્થનું સ્પષ્ટીકરણ કરી તે ઉપર ઉપયુક્ત વિવેચન આપવામાં આવ્યું છે. ધર્મના ગહન વિષયને અંગે જે કાંઇ સૂચક અંશો સુત્રકારે દર્શાવ્યા છે, તેમને વૃત્તિકારે પોતાની વિશાળ બુદ્ધિથી પલ્લવિત કરી તે તે વિષયના સ્વરૂપને સારી રીતે પ્રતિપાદન કરેલ છે. કોઇ કોઇ પ્રસંગે મૂળ વિષયની પુષ્ટિને માટે બીજા પ્રમાણિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથોના પ્રમાણો આપી સુત્રવાણીના આશયને વિશેષ પ્રમાણભૂત કરી બતાવ્યો છે. આથી મૂળ ગ્રંથની મહત્તામાં વૃત્તિકારે મોટો વધારો કર્યો છે, એમ નિઃસંશય કહેવું જોઇએ.

ગ્રંથકર્તા મહાનુભાવ હરિભદ્રસૂરિજીએ શ્રુતઆગમ મહાન સાગરમાંથી ઉદ્ધાર કરેલા આ ગ્રંથને એક બિંદુ રૂપ ગણી તેનું નામ ધર્મબિંદુ આપેલું છે, પણ આ ઉપયોગી ગ્રંથ આધુનિક જૈન પ્રજાને એક વિવિધ જ્ઞાનનો મહાસાગર રૂપ થઇ પડે તેવો છે. આ મહાન્ ધર્મગ્રંથની અષ્ટાધ્યાયી જો મુક્તામણિની માલાની જેમ કંઠમાં ધારણ કરી રાખવામાં આવે તો તેનો અભ્યાસી યાવજ્જીવિત સદાચાર, સન્નિતિ અને સદ્ધર્મનો પરમ ઉપાસક બની પરિણામે પરમ પદનો અધિકારી બને છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિધર્મને વિસ્તારથી પ્રતિપાદન કરનારો આ ગ્રંથ રચવામાં આવ્યો છે કે જે, મનનપૂર્વક વાંચવાથી અધિકારી પોતાના અધિકાર પ્રમાણે સ્વકર્તવ્યના સ્વરૂપને સારી રીતે જાણી શકે છે. ઉપરાંત જૈનધર્મના આચાર, વર્ત્તન, નીતિ વિવેક અને વિનયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ એ દ્વિપુટી જો આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ–સ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે. ગ્રંથ લેખનની શૈલી અંદરના સિદ્ધાંત તથા પ્રાસાદિક ભાષા સર્વ શિષ્ટ જનોની પરમ સ્તુતિના પાત્ર હોઇ મનોબળ, મનોભાવ અને હૃદયશુદ્ધિને વધારનારા છે. ટુંકામાં કહેવાનું કે આ સંસારમાં પરમ શ્રેય માર્ગે જવી મોક્ષ પર્યન્ત સાધન પ્રાપ્ત કરવાની શુભ ભાવના ભાવનાર મુનિએ તેમજ ગૃહસ્થે મહાનુભાવ હરિભદ્ર સૂરિની પ્રતિભાનો આ પ્રસાદ નિરંતર પ્રાપ્ત કરવા યોગ્ય છે.

આ ગ્રંથની આ બીજી આવૃત્તિ છે, તેમાં મૂળ સૂત્ર શાસ્ત્રી ટાઇપમાં અને ભાષાંતર ગુજરાતી ટાઇપમાં છપાવેલ છે.

**આ ગ્રંથ આપણી શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સની એજ્યુકેશન બોર્ડે ધાર્મિક અભ્યાસક્રમમાં શાળા, પાઠશાળાઓમાં ચલાવવા મંજુર કરેલ છે.** તેની પ્રથમ આવૃતિ નહિં રહેવાથી આ બીજી આવૃતિ ઉંચા ગ્લેઝ કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી, સુશોભિત પાકા કપડાની બાઇડીંગથી મજબુત બંધાવેલ છે. ડેમી સાઇઝમાં શુમારે ચારશેંહ પાનાના આ ગ્રંથની માત્ર રૂ. ૨–૦–૦ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું.

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા.**

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५३. श्रावण. आत्म संवत् ३२ { अंक १ लो.

ॐ

## प्रारंभ—मंगल.

**શ્રી નવપદજી આરાધન— (૧)**

નમન પ્રથમ નવપદ પ્રભુ કરીએ,
પચ્ચીશમા વરસે પદ ધરીએ. નમન.
આરાધો શ્રી શ્રીપાલતણી પરે,
ઇપ્સિત અર્થ અપૂરવ વરીએ. નમન.

**શ્રી ગુરૂદેવ-વન્દન— (૨)**

શ્રી ગુરૂ આતમરામ સૂરિ વર.
આત્મ પ્રકાશક આત્મ વિહારી. શ્રી ગુરૂ.
સત ચિદ્ આનંદ ભારત ભૂષણ,
વન્દના શુદ્ધ ત્રિયોગે હમારી. શ્રી ગુરૂ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી ધર્મ-પ્રવર્તન— (૩)**

જડ-ચેતન પહિચાન કરાવે,
શુદ્ધ પ્રવર્તન સમ્યગ્ થાવે. જડ.
દોષ ત્રિકોટી નહિં જિન ભાષિત,
ધર્મ સદૈવ નમો ભવિ ! ભાવે. જડ.

**શ્રી સાધ્ય-નિદર્શન— (૪)**

શાસ્ત્ર વિહિત મર્યાદા ધારે,
ચર્ચિશ વિષય વિવિધ પ્રકારે. શાસ્ત્ર.
શાસન રસ પ્રકટાવા પ્યારૂં,
આત્મિક આનંદ સાધ્ય હમારૂં. શાસ્ત્ર.

**શ્રી ભાવ-સમર્પન— (૫)**

મૈત્રિ પ્રમોદ અને કરૂણા સહ,
માધ્યસ્થ્ય ભાવ સુધાર સુવાસી ! મૈત્રિ.
એહિ અનોપમ પુષ્પની માલા,
અર્પન આતમાનન્દ વિલાસી. મૈત્રિ.

આત્માબ્દ-૩૨
શ્રાવણ. પ્રતિપદા
મુંબઇ

**વેલચંદ ધનજી.**

## " મંગળ--પ્રાર્થના. "

રાગ—આશા. (કયાંથી આ સંભળાય.)

મંગળ હો ! જીનનામ, પ્રારંભે, મંગળ હો ! જીન નામ,
અવિચળ સુખનું ધામ................પ્રારંભે............
કલ્યાણકારી નામ એ જપીએ, કરીયે કોટિ પ્રણામ,
વરીયે વાંછિત વિશ્વમાં વેગે, ઠરીયે જઇ શિવ-ઠામ. પ્રારંભે.
એ નામે અઘ સઘળા નાસે, નાસે વ્યાધિ તમામ,
વાસે વાસના રૂડી હૃદયમાં, ભાસે શાન્તિ-આરામ. પ્રારંભે.
એ નામે નિત્ય ઉજ્જળ કરીયે, નિશ્ચે આ "આત્મારામ,"
"આત્માનંદ સભા" જીન-નામે, સાધે સઘળા કામ. પ્રારંભે.

**મનસુખલાલ ડાયાભાઇ**-શાહ-વઢવાણકાંપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# नूतन वर्षनुं मंगलमय विधान.

## प्रवेश—

કર્મયોગિની પેઠે સક્રિયપણે સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્રની ત્રિપુટીદ્વારા આત્માના આનંદને વિકસાવતું **આત્માનંદ પ્રકાશ** આજના મંગળમય દિવસે **પચ્ચીસમાં વર્ષમાં** પ્રવેશ કરે છે. પ્રકાશ પોતે જડ હોવા છતાં ઉપાદાન કારણમાં તૈયાર થયેલા આત્માઓમાં ચૈતન્ય પ્રેરે છે; અને એ રીતે આત્માને ધર્મપુરૂષાર્થમાં ગતિમાન્ કરે છે; દુર્ગતિમાં પડતા પ્રાણીઓને અટકાવવારૂપ જો ધર્મની સાર્થકતા ન હોય તો તે પુરૂષાર્થ નામને સફળ કરી શકતો નથી એ નિર્વિવાદ છે.

## मानस तुला—

ત્યારે હવે આપણી સમક્ષ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે પચીશ વર્ષોના વહાણાં વાયા છતાં આ આત્માનંદ પ્રકાશે લેખકો અને વાંચકોમાં ધર્મરૂપ પુરૂષાર્થ પ્રકટાવવાની સાર્થકતા કરી છે કે કેમ ? આ પ્રશ્નનો ઉત્તર તેના લેખકો અને વાંચકોના માનસ વ્યાપારોજ આપી શકે. **જેટલે જેટલે અંશે લેખક વાંચકોના માનસ શુદ્ધ થયા હોય, તેમનાં વર્તનો સદ્ વર્તનશાળી થયાં હોય, આત્માનાં અંધારાં દૂર થઈ નક્કર તત્વજ્ઞાન પ્રકટ્યું હોય, કષાયોની મંદતા થઈ હોય તેટલે અંશે પ્રસ્તુત પત્ર તેમને ઉપકારક થયું છે એમ માની શકાય.**

## संबोधन—

પત્ર શરીરની ભરયુવાનીનો આ કાળ પચ્ચીશની સંખ્યા તરીકે શ્રી ચતુર્વિધ સંઘના મંગલમય નામ નિર્દેશતરીકે વ્યકત કરે છે. સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘ જેની સ્થાપના શ્રી તીર્થંકરના સ્વહસ્તે થયેલી છે અને જેને આ જમાનામાં પચ્ચીશમા તીર્થંકરની પ્રશસ્ત ઉપમા અપાય છે તેના મંગલમય નામને સુચવતું અને તે વર્ષની સંખ્યામાં પ્રવેશ કરતું, આ **પ્રકાશ શ્રી** ચતુર્વિધ સંઘરૂપ સાધુ–સાધ્વી શ્રાવક અને શ્રાવિકા પ્રત્યેકને પ્રાર્થના કરે છે કે તમો સવિશેષપણે સ્વકર્મમાં અભિરત થાઓ, વ્યવહાર અને પરમાર્થની સાધનાઓમાં કટિબદ્ધ બનો, તીર્થ રક્ષા માટે કમર કસો, જીવનના દૃષ્ટિબિંદુની વિચારણા સતત નજર સન્મુખ રાખો, જીવન કલહ ઓછા કરો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપની સંપૂર્ણ રીતે અભિવૃદ્ધિ કરો અને શાંતિમય જીવનદ્વારા આધ્યાત્મિક પ્રકાશ શીઘ્ર મળે તેવો પ્રબંધ કરો !

## आध्यात्मिक पुरुषार्थ—

શ્રી જીનેશ્વરે નિવેદન કરેલું છે કે જડ વસ્તુઓમાં સારા ખોટાપણાનો ભાવ રહેલો નથી, પરંતુ આપણો આત્મા તેને જે રૂપે ગ્રહણ કરે છે તે રૂપે તેનામાં સારા ખોટાપણાનો આરોપ થાય છે. દુનીયાભરના તમામ લેખો જો આત્મામાં શુદ્ધ અસર નીપજાવી ન શકે કે આત્માને મુક્તિના લક્ષ્ય ( Stand point ) તરફ તૈયાર કરી ન શકે તો તે લેખોનો દોષ નથી, કિંતુ પોતાના આત્માની તૈયારીનો છે. અસ્તુ: હવે ગત વર્ષના સ્મરણોમાં પત્ર શરીરનું અક્ષર સામર્થ્ય જે વ્યક્ત થયેલું છે તે નિર્દેશ કરવા પહેલાં ગત વર્ષની સામાન્ય ઘટનાઓનું સિંહાવલોકન કરવું અસ્થાને નહિં ગણાય.

## संस्मरणोनुं सिंहावलोकन—

ગત વર્ષમાં શ્રી શત્રુંજયની યાત્રાના અસહકાર સંબંધમાં સકળ સંઘનું–હિંદના પ્રતિનિધિઓનું સંમેલન અમદાવાદમાં થયું હતું, ત્યારપછી તુરતમાંજ જૈન કોન્ફરન્સનું ખાસ અધિવેશન મુંબઇમાં થયું હતું. જે જૈન સંઘની એકત્રતા પૂર્વક અસહકાર સફળ બનાવી ચુકયું હતું, જે અસહકાર આજ પર્યંત અવિચ્છિન્ન પણે ચાલુ રહ્યો છે, એ તેનો સબળ પુરાવો છે. તે સિવાય મુંબઇમાં જૈન મહિલા સમાજ મિલન પણ તે પ્રસંગે થયું હતું, તેમજ ભારતીય સ્વયંસેવકનું પ્રથમ અધિવેશન સફળ થયું હતું, જે તીર્થરક્ષાને અંગે તેમજ જૈન સમાજમાં સેવા-ભાવના અને શૌર્ય દાખલ કરવાને અવશ્ય સાધનભૂત નીવડશે એવી આગાહી થવા માંડી છે. જર્મન વિદુષી મીસ ક્રૌઝ પી. એચ. ડી.એ ગ્રહણ કરેલા આઠ જૈનવ્રતો-ના સંબંધમાં ગતવર્ષનું સ્મરણ પલ્લવિત થયેલું છે. આ પ્રયાસ શ્રીવિજયધર્મસૂરિના વિદ્વાન શિષ્યો શ્રીવિજયેંદ્રસૂરિજી તથા શ્રીવિદ્યાવિજયજી મુનિરાજોને આભારી છે. ક્રૌઝ હાલમાં મુંબઇમાં જાહેર પ્રજા સમક્ષ પોતાના જૈનદર્શન સાથેના વૈજ્ઞાનિક અનુ-ભવો ચર્ચી રહ્યાં છે. અમદાવાદમાં જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડના ઓર-ગેનાઇઝર તરીકે રા. સારાભાઇ મોદી નીમાયા છે તે જૈન વિદ્યાર્થીઓને માટે ઘણુંજ આશાજનક છે. પ્રસ્તુત બંધુએ લોન સ્કોલરશીપની પદ્ધતિ શરૂ કરી જૈન વિદ્યાર્થી-ઓને ઉત્તેજન પ્રથમના વર્ષમાં આપવાની શરૂઆત કરી જે તેમનું સાત ક્ષેત્રમાં કયું ક્ષેત્ર અપૂર્ણતાવાળું વિશેષ છે? તે સંબંધનું વર્તમાન વલણ સૂચવે છે. ત્યાર-પછીના પ્રસંગમાં શહેર ભાવનગરમાં પન્યાસજી શ્રીકેસરવિજયજી મહારાજને ભાવ-નગરના શ્રીસંઘ તરફથી આચાર્ય પદવી પ્રદાનનો પ્રસંગ સંસ્મરણમાં વૃદ્ધિ કરે છે. ગત વર્ષમાં ઉદાર ચિત્ત શેઠ નગીનદાસ કરમચંદ તરફથી પાટણથી શ્રી ભદ્રેશ્વર તીર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે તરફ પાટણથી 'છ' રી પાળતાં સંઘ લઈ જવાના અપૂર્વ પ્રસંગથી તેમજ શેઠ જમનાભાઇ ભગુભાઇ તરફથી અમદાવાદમાં ઉદ્યાપનના દબદબા ભર્યા પ્રસંગથી આ બંને અપૂર્વ પ્રસંગથી નવીન રંગ પૂરાયો છે. મહારાષ્ટ્ર ( દક્ષિણ પ્રાંત ) ની જાગૃતિ સૂચવતી મહારાષ્ટ્રીય પ્રાંતિક પરિષદ્ જે શેઠ સારાભાઇ નેમચંદ હાજી બેરીસ્ટર એટ લૉ અને ધારાસભાના મેંબરના પ્રમુખપણા નીચે સફળ થઇ હતી. મુંબઇમાં શ્રી જૈન સ્વયંસેવક મંડળ જૈન વ્યાયામ શાળાની સ્થાપના એ જૈન જૈન સમાજનું શારીરિક સુધારણા ( Physical culture ) તરફનું વલણ સૂચવે છે. જૈન સમાજ શારીરિક જીવનમાં તદન પછાત છે; જેમાં શ્રી મહાવીર જેવા સમર્થ શરીરબળધારી પુરૂષવરો થયા છે, તેજ દર્શનના અનુયાયીઓની પરિસ્થિતિ વસ્તીપત્રકમાં શારીરિક નિર્બળતા વિશેષ પ્રમાણમાં સૂચવે છે. શરીરની સુદૃઢતા વગર મનની મજબુતી અને તે સિવાય આત્મબળ શી રીતે પ્રકટી શકે ? કર્મ અને આત્માનું ઉચ્ચ તત્વજ્ઞાન હોવાનો દાવો કરનાર જૈન દર્શનનો તેના વર્તમાન અનુયાયીઓએ મોટે ભાગે આચારમાં નિકૃષ્ટ હોવાના કારણે અન્યની દૃષ્ટિમાં અધઃપાત કરાવ્યો છે; આથી વ્યાયામ શાળાઓની પ્રત્યેક સ્થળે સંપૂર્ણ રીતે જરૂરીઆત છે તે તરફ જૈનસમાજનું અમે ખાસ ધ્યાન ખેંચીએ છીએ. શ્રીમંતોએ સૌથી પ્રથમ આ ક્ષેત્ર તરફ પોતાનાં વલણો વિચારીને અમલમાં મુકવાં ઘટે છે.

ગત વર્ષમાં ભાવનગરમાં દક્ષિણામૂર્તિ છાત્રાલય સમ્મેલન પ્રસંગે સૌરાષ્ટ્ર જૈનછાત્રાલય સમ્મેલન માટે વિચાર કરવા દાદાવાડી બોર્ડીંગમાં ગુરૂકુળ અને વિદ્યાલયોના અધિકારીઓ એકત્ર થયા હતા, જે જરૂર આ વર્ષમાં જૈનછાત્રાલય સમ્મેલન મેળવી વિદ્યાર્થીઓના શારીરિક માનસિક અને આધ્યાત્મિક પ્રશ્નો ચર્ચી તેમના જીવનને સંસ્કારિતા ( progressive culture ) વિશેષ પ્રકારે અર્પાશે એવી આશા અસ્થાને નથી. મુનિરાજ શ્રીદર્શનવિજયજીના પુનાના ચાતુર્માસમાં તેમના ઉત્તમ પ્રયાસથી શ્રીયુત કેતકર તરફથી પ્રકટ થયેલ મરાઠી જ્ઞાનકોષમાં જૈનદર્શનના પારિભાષિક શબ્દોના અર્થની અવળી સમજને અંગે થયેલ ફેરફારને સુધરાવી ગુજરાતી જ્ઞાનકોષ બહાર પાડવાની જે તૈયારી થયેલી છે તે પ્રશંસાપાત્ર છે અને જૈન સમાજે સંપૂર્ણ રીતે તેને ઉત્તેજન આપવા લાયક છે. વીરતત્ત્વ પ્રકાશક મંડળ શિવપુરી કલકત્તા યુનિવર્સીટીની સંસ્કૃત પરીક્ષાના કેંદ્ર ( Centre ) તરીકે સ્થાન થયું એ અન્ય દર્શનીય વિદ્વાનોમાં સદરહુ મંડળની વિશ્વસનીયતા સૂચવે છે. તથા મુનિરાજ **શ્રી રાજવિજયજી** મહારાજનું દૂર દૂર કર્ણાટક દક્ષિણ પ્રદેશમાં વિહાર સાથે ત્યાંના મનુષ્યો ઉપર કરેલા અનેક ઉપકારો અને શ્રી મરૂભૂમિમાં શ્રી વરકાણા તીર્થમાં આચાર્ય મહારાજ શ્રીવિજયવલ્લભ સૂરિજી મહારાજના સ્તુત્ય પ્રયાસ અને ઉપદેશથી શ્રી પાર્શ્વનાથજી વિદ્યાલયની સ્થાપના થતાં તે ભૂમિના જૈન બંધુઓને બંને પ્રકારની કેળવણી સંપાદન થવા કરેલ ઉત્તમ પ્રયત્ન જૈન સમાજની ઉન્નતિ સુચવે છે વગેરે ખાસ ગત વર્ષના નોંધવા લાયક બનાવો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## हवे दुःखजनक घटनाओ—

ગત્ વર્ષના શુભ સંસ્મરણોમાં જૈન સમાજને માટે શુભ આશાજનક પ્રસંગોનો નિર્દેશ અમોએ કર્યો તે સાથે ખેદજનક પ્રસંગો દર્શાવવા સિવાય પ્રસ્તુત ઘટનાઓ પસાર થઇ જાય તો આ જગતમાં માત્ર સુખજ છે એમ ભાન થાય અને દુઃખનું અસ્તિત્વ ભુલાઇ જાય અને એ રીતે સુખ દુઃખના ઉભય દૃષ્ટિ બિંદુઓમાં એક વગર બીજાની અપૂર્ણતાજ રહે. ગતવર્ષના કરૂણાજનક પ્રસંગમાં લેખકના નામ નિશાન વગરનું લાલ અક્ષરનું હેંડબીલ બહાર પડયું હતું. જે એમ સૂચવે છે કે જૈન દર્શનમાં અમુક વ્યક્તિઓ આચાર્યો અને મુનિ મહારાજાઓ તરફ નિંદક અને ગલીચ ભાવનાઓ ધરાવનારી છે. આવી વ્યક્તિઓની અશુભ ભાવનાઓ તરફ તિરસ્કાર અને ખેદ પ્રદર્શિત કરી તે સંબંધમાં વિશેષ ચર્ચા કરવા માગતા નથી. શ્રી કેસરીઆજી તીર્થમાં ધર્મ નિમિત્તે બનેલા અઘટિત બનાવ તરફ કાયદો હાથમાં લેવા જતાં દિગંબર બંધુઓનાં થયેલાં મૃત્યુઓ સંબંધી ખેદ પ્રદર્શિત કરીએ છીએ. ઉપરાંત કરૂણાજનક પ્રસંગોમાં ગત માહામાસમાં **આચાર્ય શ્રીમદ વિજયકમળસૂરિનો** સ્વર્ગવાસ જે કે જૈન સમાજમાં એક પવિત્ર સાધુરત્ન માટે નહિં પુરી શકાય તેવી ખોટ પડી છે. તથા શ્રાવકરત્ન ઝવેરી ગુલાબચંદ દેવચંદ તથા ધર્મવીર શેઠ વેણીચંદ સુરચંદનાં ખેદજનક અવસાનો છે તે શ્રાવક રત્નો માટે પણ જૈન સમાજને તે માટે પુરેપુરી ખોટ પડી છે.

## लेखदर्शन—

ગત વર્ષમાં કુલ ત્રણસેં છેંતાલીસ પાનામાં સતાણું લેખો આપવામાં આવ્યા છે. જેમાં તેત્રીશ પદ્ય તથા ચોસઠ ગદ્ય લેખો છે. પદ્ય લેખોમાં પ્ર૦ શ્રી કાંતિવિજયજી મહારાજનું ઉપદેશક પદ તથા મુનિરાજ શ્રી દર્શનવિજયજીનું મૂલચંદ્ર ગણિ અષ્ટક ભાવવાહી અને લાલિત્યથી ભરપુર છે. રા. મનસુખલાલ ડાહ્યાભાઇ તરફથી કાવ્યમય ઉજવાયલી શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરની જયંતી તેમજ વઢવાણ પ્ર૦ શ્રીકાંતિવિજયજી મહારાજને આ સભા વંદના કરવા ગયેલી તે પ્રસંગે સમયોચિત તેમનાં બનાવેલાં કાવ્યો તેમની કવિત્વ શક્તિનો સારો પરિચય આપી રહ્યાં છે. રા૦ વેલચંદ ધનજીના 'બદલી ન હોય' અને 'પરાશા–વિરામ' વિગેરે કાવ્યો તથા રા૦ મણીલાલ માણેકચંદ મહુધા નિવાસીનાં 'વીરવંદન' 'સરસ્વતી મહિમા' વિગેરે કાવ્યો, રા. ચુનીલાલ છગનલાલ શ્રોફની 'કમળ પ્રશસ્તિ,' પં. અમોઘચરણનું મંગલાભિનંદન તથા રા૦ બાવીશીનું 'મહારાવંદનીય ગુરૂ' વિગરે કાવ્યસમૃદ્ધિઓ લેખકોની કવિ તરીકે ઉજ્જવળ કીર્તિ સંપાદિત કરે છે એટલુંજ નહિં પરંતુ વાંચકોમાં ભાવનામય જીવન સભર ભરે છે. ગદ્ય લેખકોમાં મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજ તરફથી વિશ્વરચના પ્રબંધ ભૂગો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગનો મીમાંસા સાથે બાકી રહેલા પાંચ લેખોમાં પૂર્ણ કરવામાં આવ્યો છે. પાશ્ચાત્ય અને જૈન ગણિતાનુયોગના મુકાબલામાં ભૂગોળ અને ભૂવલયનો સ્ફોટ પુષ્કળ દલીલો પૂર્વક સિદ્ધ કરેલો છે; 'વિશ્વરચના પ્રબંધ' ના તમામ લેખો જે આત્માનંદ પ્રકાશમાં આવી ગયા છે તેનો સર્વસંગ્રહ પુસ્તકરૂપે પણ બહાર પડી ચુકયો છે. વિજ્ઞાન ( science ) ના જિજ્ઞાસુ ગ્રેજ્યુએટને પ્રસ્તુત પુસ્તક સારી રીતે માર્ગદર્શક અને શોધક રૂપે ચિંતનમાં સારી રીતે મદદગાર થશે. મુનિરાજ શ્રી ન્યાયવિજયજીનો 'મંત્રીમુદ્રા' નો લેખ સુંદર શૈલીવાળો હોઇ ઐતિહાસિક પ્રકાશ આપવા માટે યોગ્ય દિશા પ્રેરે છે. રા૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહે 'સાંસારિક જીવન' ના ત્રણ લેખો, 'પરિશ્રમ અને કાર્ય' ના બે લેખો તેમજ 'કેટલાક ઉપયોગી વિચારો' ના ત્રણ લેખો લખી લેખ સમૃદ્ધિદ્વારા જન સમાજની વ્યવહારસુધારણા તરફ લક્ષ આપી સદ્વર્તનમાં પ્રેરવા ઉચિત પ્રયાસ કર્યો છે. રા૦ ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસે 'વિચારોની આવશ્યકતા' 'મહાવીર પ્રભુનુ સર્વોત્તમ જીવન' તેમજ 'ઉન્નતિના સામાન્ય ધર્મો' વિગેરે ૬૭ લેખો લખી જૈન જીવનને ઉન્નત બનાવવા સફળ પ્રયાસ કર્યો છે. રા. ફતેહચંદ ઝવેરભાઇએ નૂતન વર્ષને મંગળમય વિધાન, આધ્યાત્મિક બળ અને 'નિત્યાનિત્ય જીવન ઘટના' વિગેરે લેખો લખી શરીરની અનિત્યતા સૂચવવા સાથે આધ્યાત્મિક વિચારો પુરૂષાર્થદ્વારા સૂચવ્યા છે. રા. મોહનલાલ દીપચંદ ચોકસીએ 'જૈનના તામીલ સાહિત્ય' અને આપણું સંગઠન' સુંદર ભાષાશૈલિમાં દર્શાવ્યા છે જે ઐતિહાસિક અને સાહિત્ય રસિક મનુષ્યોને માર્ગદર્શક છે. રા૦ મહુધા નિવાસીએ 'જૈન બેંકની આવશ્યકતા' લેખદ્વારા ભાર મૂકીને જણાવી છે. જૈન શ્રીમંતોએ તે તરફ ખાસ ધ્યાન ખેંચી પ્રબંધ કરવો ઘટે છે. રા. નરોત્તમ બી. શાહે 'જૈન સખાવત' ના છ લેખો લખી દેશકાળની અપેક્ષાએ સખાવતનું સાચું સ્વરૂપ સમાજસમક્ષ રજુ કર્યું છે જેથી જૈન સમાજનું વેડફાઇ જતું દ્રવ્ય અમુક દષ્ટિબિંદુમાં ગોઠવાઇ શકે, અને એ રીતે સમાજને સારીરીતે ઉપકારક થઇ શકે, રા. આગમાભ્યાસીએ કલ્પસૂત્રના 'એક વર્ષાંકનું અવલોકન' માં મૂકેલ ઐતિહાસિક પ્રશ્ન વિદ્વાનોએ સ્પષ્ટ કરવાનો છે. રા૦ ઘેલાભાઇ પ્રાણજીવને 'મૃત્યુ' નો લેખ લખી સંસારની અનિત્યતા સૂચવી છે; જીવનના બન્ને દષ્ટિબિંદુઓમાં અનિત્યતાની સાથે અધ્યાત્મિક કર્મયોગ પણ તેટલોજ જરૂરનો છે અને એકલી અનિત્યતા ઉપર ભાર મુકી માથે હાથ દઇ બેસી રહેવાનું નથી પણ પુરૂષાર્થ કરી આત્માને આગળ ધપાવવાના સાધનભૂત તરીકે અનિત્યતાના વિચારો કામ કરી શકે તોજ સફળતા ગણી શકાય છે. રા. અનિલે આદર્શ શિક્ષક, રા. વાડીલાલ મોહોકમલાલે 'જૈન ધર્મની ખૂબીઓ' રા. બાવીશીએ સહિષ્ણુતા તેમજ રા. વિહારીએ 'સાહિત્ય' વિગેરે લેખો લખી જૈન સમાજ તરફ વિસ્તારથી સદ્-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો પ્રેરેલા છે. પ્રસ્તુત સર્વ ગદ્ય પદ્ય લેખો પ્રશંસાપાત્ર હોઈ અમો તે સંબંધમાં વિશેષ લખીએ તે કરતાં વાંચક વર્ગની ગુણગ્રાહકતા ઉપર છોડી દઇએ છીએ. આ સિવાય ગ્રંથાવલોકન તથા વર્તમાન સમાચારના તમામ લેખો રા. સેક્રેટરી તરફથી લખાએલ છે, અને પીઠ પૃષ્ટ ઉપર રા. કાલેલકર રા. ગિજુભાઇ વિગેરેના ઉપયોગી પ્રવચનો લગભગ દશ માસિકો ઊપર આપવામાં આવ્યા છે. મુખ પૃષ્ટનું સંસ્કૃતભાષાનું નિવેદન શ્રી 'ઉપમિતિ ભવ પ્રપંચાકથા' માંથી આપવામાં આવ્યું છે અને તમામ મનુષ્યોને સુખ અને દુ:ખના વાસ્તવિક ભોગવટાનું રહસ્ય સૂચવી રહ્યું છે. આ તમામ લેખક મહાશયોનો આભાર માનતાં આ અને અન્ય લેખક મહાનુભાવોને નવા વર્ષમાં લેખ આપવા આમંત્રીયે છીએ.

અમારા સુજ્ઞ ગ્રાહકોની માંગણી ઉપર લક્ષ આપી બે વર્ષ થયાં " **જૈન ઐતિહાસિક સાહિત્ય** માટે લેખોની શરૂઆત અમોએ કરેલી છે; પરંતુ ગયા વર્ષમાં અમારા માનવંતા કેટલાક ગ્રાહકોએ સ્ત્રી ઉપયોગી વાંચન પણ થોડું થોડું આત્માનંદ પ્રકાશમાં આપવા માટે અમારૂં લક્ષ દોર્યું છે, જેથી તે માંગણીને પણ પહોંચી વળવા આ વર્ષે બીજા અંકથી સ્ત્રી ઉપયોગી વાંચન **સ્ત્રી કેળવણી, સ્ત્રીઓનું કર્તવ્ય, સ્ત્રી હિતવચનો** અને **સતી સ્ત્રીરત્નોનાં ભાવવાહી ચરિત્રો** વગેરે આપવા બનતો પ્રયત્ન કરીશું.

## अपूर्णतानुं भान.

જૈન દર્શન પાંચ સમવાયોને કોઇપણ કાર્ય સિદ્ધિને માટે માને છે; તેમાં એકની અપૂર્ણતાનું બાકીનાં સમવાયો પૂરક બને છે, એ સ્યાદ્‌વાદ દૃષ્ટિ છે. મનુષ્યમાત્ર અપૂર્ણ છે સિવાય કે સર્વજ્ઞ ભગવાન્ ! તેમ અમો પણ પ્રસ્તુત પત્રના નિયામકો તરીકે અપૂર્ણ છીએ અને એ અપૂર્વતાનું સતત ભાન સમીપ રાખીનેજ પ્રવૃત્તિની પ્રગતિની ઇચ્છા ચાલુ રાખીએ છીએ. અધિષ્ઠાયક દેવ અમારી એ અભિલાષાને અધિક બળ આપી સત્વર પાર પાડો તેમ ઇચ્છીએ છીએ.

## प्रार्थना अने विनंति.

ચતુર્વિધિ સંઘમાં મુકુટસ્થાને વર્તતા સાધુ તથા સાધ્વી મહારાજોને પ્રાર્થના કરીએ છીએ કે જૈન સમાજના આપ નેતાઓ છો. આપની એકત્રતા સમ્મેલન દ્વારા જલ્દી કરી આપસઆપસમાં ઐક્યતા વધારી જૈનસમાજનો અધ:પતનમાંથી ઉદ્ધાર કરો. તેમજ શ્રાવક અને શ્રાવિકાવર્ગને વિનંતિ કરીએ છીએ કે તીર્થરક્ષા, અન્યદર્શનીઓની જૈનદર્શન તરફ આક્ષેપવૃત્તિઓ, વિગેરે આવી પડતી અનેક આફતોમાંથી બચવા, એક કેંદ્રસ્થ કમીટી બનાવો અને એ રીતે જૈનશાસનને એકજ ધર્મ ઝુંડા નીચે એકત્રિત કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अभिलाषा—

ગતવર્ષના વિધાનમાં આ સભા અને પત્રના ' રૌપ્ય મહોત્સવ ' ( silver Jubilee ) સંબંધી વ્યક્ત કરાએલી અભિલાષા હજી પૂર્ણ થઇ નથી તેને માટે આ સભાના કાર્યકર્તાઓ જાગૃત બની પોતાની સુષુપ્તિને શીઘ્ર તજી દેશે તેમ ઇચ્છીએ છીએ; તે સાથે પ્રસ્તુત પત્રની સચિત્ર કદવૃદ્ધિ સાથે આકર્ષકતા, વિશેશ સસ્તું સાહિત્ય પ્રચાર, સ્કોલરશીપો; ગુરૂભક્તિ, ગુરૂમંદિર, સમાજ સેવા, નવીન ગ્રંથ પ્રકાશન સમૃદ્ધિ, અને વસુદેવહિંડી જેવા ગ્રંથનું અભૂતપૂર્વ પ્રકાશન વિગેરે નવીન વર્ષની અભિલાષાઓ અમારા માનસમાં ઉત્સાહ બળથી પ્રકટી રહી છે એ અમે આ મંગલ પ્રસંગે વ્યક્ત કરીએ છીએ; એ અમારાં ઉચિત કર્તવ્યોમાં સહાય અર્પવા શ્રી સંઘને પ્રાર્થના કરીએ છીએ.

## अंतिम प्रार्थना—

ઉપસંહારમાં પચ્ચીશમા તીર્થંકરરૂપે મનાએલા અને જેને શ્રી તીર્થંકર પ્રભુ દેશના કાળે **नमो तिथ्थस्स** સંબોધીને સમવસરણમાં બેસે છે, તે શ્રી સંઘના અધિષ્ટાયક દેવને આધ્યાત્મિક ઉચ્ચ સ્વરે પ્રાર્થીએ છીએ કે મહાન્ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રા સંબંધી ગુંચવણો જલ્દી દૂર થઇ જાય, **राजाधिपानां शांति र्भवतु** એ મહા મંગલકારી વાકયથી જગત્માત્રનું ભલું ઇચ્છતા જૈનસંઘની અભિલાષા સંતોષાય, અસહકાર દૂર થવાનો પ્રસંગ શીઘ્ર ઉપસ્થિત થાય તેમજ શ્રી કેસરીયાજી વિગેરે અન્ય તીર્થોના કલેશો શાંત થઇ દિગંબર શ્વેતાંબર વચ્ચે ઐક્ય પ્રકટે તેવું ઇચ્છી, પ્રસ્તુત પત્ર નવીન વર્ષમાં લેખકો અને વાંચકોમાં શાંતિનો પ્રસાર કરી તેમના આત્માને ઉજ્વળ બનાવે, કષાયોની મંદતા કરે, પુરૂષાર્થમાં ઉત્સાહ અર્પે અને આત્માના આનંદની સંપૂર્ણપણે વિકસાવવાના માર્ગમાં પ્રગતિશીળ બનાવે તેવી અભિલાષાઓ વ્યક્ત કરી પ્રસ્તુત પત્રના પચ્ચીશની સંખ્યાને સૂચવતા શ્રીસંઘને સુંદર લેખો માટે આમંત્રણના સ્તુતિ શ્લોકનો અંતિમ પાદ સાદર કરી વિરમીએ છીએ.

**संघः सोऽघहरः पुनातु चरणन्यासैः सतां मंदिरं ।**

**[ ॐ शांतिः ]**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક ઊપયોગી વિચારો.

વિઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૩૩૭ થી શરૂ. )

જે મનુષ્ય હંમેશાં પોતાનું જ્ઞાન વધારવાના પ્રયત્નો કર્યા કરે છે તે પોતાની ઉન્નતિના પ્રયત્નોજ કરે છે એમજ ગણી શકાય તેનું વૃદ્ધિ પામેલું જ્ઞાન વેપાર અને વ્યવહારિક સઘળી બાબતોમાં તેને ઘણીજ સહાય કરે છે. પરંતુ જે લોકો એ તરફ ધ્યાન નથી આપતા તેઓ પોતાનું આખું જીવન બગાડી મુકે છે એમ કહેવું જરા પણ ખોટું નથી. આજકાલના યુવકોનો ઘણો ખરો સમય નકામી બાબતોમાં જાય છે. સમયનો એ ગેરૂપયોગ જીવનનાજ નાશ રૂપ છે. જો એ સમયનો ઉપયોગ કોઇ પ્રકારે પોતાનું જ્ઞાન વધારવામાં અને પોતાની ઉન્નતિ કરવામાં આવે તો લોકો તેને જીંદગીનો સદુપયોગ થયેલો કહેશે. જીવનનો સદુપયોગ અને દુરૂપયોગમાં એટલોજ ભેદ છે કે સદુપયોગમાં આપણે પ્રત્યેક પ્રસંગ અને પ્રત્યેક ક્ષણથી કાંઇને કાંઇ લાભ મેળવીએ છીએ અને દુરૂપયોગમાં સારા સારા પ્રસંગો ગુમાવીએ છીએ અને કિંમતી સમય નકામો ગાળીએ છીએ. જસ્ટીસ રાનડે સાહેબ આટલી બધી શ્રેષ્ઠતા કેવી રીતે સંપાદન કરી શકયા હતા ? તે એજ રીતે કે તેઓ હમેશાં પોતાનું જ્ઞાન વધારવાના પ્રયત્નો કરતા હતા. તેઓ હમેશાં અભ્યાસમાં અને વિચારમાં જ મશગુલ રહેતા. અંતિમ અવસ્થામાં પોતે માંદગીને બીછાને હતા ત્યારે પણ કાંઇને કાંઇ વાંચ્યાજ કરતા હતા. છેવટે પોતાના મૃત્યુ પહેલા થોડા દિવસોમાં પણ પોતાનો ઘણો ખરો સમય જ્ઞાનાર્જનમાંજ ગાળતા હતા. તેમની અભ્યાસીવૃત્તિથી ઘરના લોકોને ચિંતા થતી હતી અને તેમને કહેતા કે આખો દિવસ વાંચ્યા કરવાથી શું તબિયત ન બગડે ? તે સમયે પોતે જ્યારે હવા ફેર માટે મહાબળેશ્વર જવાના હતા તે વખતે ઘરના લોકોએ તેમને કહ્યું કે મહાબળેશ્વર ગયા પછી વાંચવાનું કાર્ય ઓછું કરવું જોઇએ કે જેથી પૂર્ણ વિશ્રાંતિ મળી શકે. તે ઉપરથી પોતે ઉત્તર આપ્યો કે "વિશ્રાંતિનો શું અર્થ છે ? જે વાંચવામાં ચિત ચોંટે, મનને શાંતિ મળે અને નાની નાની વેદનાઓ ભૂલી જવાય તે છોડવાથી શું વિશ્રાંતિ મળી શકે ? કંઇ પણ કાર્ય કર્યા વગર નિરર્થક જીવન ગાળવાનો સમય આવી જાય તો તે વખતે જીવનનો અંત લાવવો એજ ઉત્તમ અને ઉચિત છે." તેઓના શિષ્ય સ્વ. ગોખલેજી પણ પોતાના સમયનો ઘણો ભાગ જ્ઞાનની વૃદ્ધિ કરવામાંજ વ્યતીત કરતા હતા. તેઓ આખી રાત સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તકો વાંચ્યા કરતા હતા અને જુદી જુદી જાતના આંકડાઓ ગણ્યા કરતા હતા એને લઇનેજ તેઓના વકતવ્યો સર્વત્ર સર્વ શ્રેષ્ટ ગણાતા હતા અને પોતાના દેશ પ્રત્યેનું કર્તવ્ય બજાવી શકયા હતા.

જેવી રીતે થોડું થોડું ધન બચાવવાથી લાંબે વખતે મનુષ્ય ધનવાન બને છે તેવીજ રીતે થોડું થોડું જ્ઞાન વધારતા રહેવાથી લાંબે સમયે મનુષ્ય મોટો વિદ્વાન અને જ્ઞાનવાન બને છે અને તે જ્ઞાન અને વિદ્યાની સહાયથી મનુષ્ય પૂર્ણતા પ્રાપ્ત કરે છે. એ વિદ્યા અને જ્ઞાનથી આગળ ઉપર આપણને યથેષ્ટ લાભ થઇ શકે છે. અને જેમ જેમ સમય જાય છે, જેમ જેમ સંસારના જ્ઞાન તથા વિદ્યાની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ તેનું મહત્વ અને મૂલ્ય પણ વધતું જાય છે. આજ કાલ પ્રતિયોગિતા અથવા પ્રતિસ્પર્ધાનો જમાનો છે. જે મનુષ્યનું જ્ઞાન જેટલું વધારે હશે તેટલો તે વધારે વિજયી થવાનો. એટલા માટે જે મનુષ્ય સંસારમાં સર્વ પ્રકારની ઉન્નતિ કરવા ઇચ્છતો હોય તેણે પોતાના જ્ઞાનની વૃદ્ધિ કરવી જોઇએ અને પોતાનું મહત્વ તથા મુલ્ય વધારવું જોઇએ. તે કરતાં મનુષ્યને કરવાનું સંસારમાં બીજું કાંઇ સારૂં કાર્ય નથી. એટલા માટે આપણે આપણાં આચરણ સુધારવાના તેમજ જ્ઞાન, બળ તથા ધન વધારવાના એક પણ પ્રસંગને હાથથી જવા ન દેવો જોઇએ અને પ્રત્યેક ક્ષણનો, પ્રત્યેક પ્રસંગનો કાંઇને કાંઇ સદુપયોગજ કરવો જોઇએ. સમય સૌથી મુલ્યવાન વસ્તુ છે. તે બચાવવા ખાતર રેલ્વેની લાઇનો આડી અવળી કરવાને બદલે સીધી કરવામાં આવે છે અને તેમ કરવામાં કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. પણ તેનાથી રેલગાડી ઉદ્દિષ્ટ સ્થાને વેલાસર પહોંચે છે અને સમયનો ઘણો બચાવ થાય છે. આજ કાલ સંસારમાં જે મનુષ્ય કાર્ય કરવા ઇચ્છતો હોય તેણે સમયનું ખુબ ધ્યાન રાખવું જોઇએ. હમેશાં નવી નવી મશીનરીની શોધો સમયના બચાવ માટેજ કરવામાં આવે છે, મુસાફરીના નવાં સાધનો સમયના બચાવ ખાતરજ તૈયાર કરવામાં આવે છે. આવી સ્થિતિમાં પ્રત્યેક મનુષ્યનું પરમ અને પ્રથમ કર્તવ્ય છે કે તેણે પોતાના બહુ મુલ્ય સમયને કદિપણ વ્યર્થ ન ગુમાવવો અને તેનાથી હમેશાં બને તેટલો લાભ ઉઠાવવો.

સમય એજ પ્રત્યેક મનુષ્યની ખરી દોલત છે, અને જ્ઞાન એજ પ્રત્યેક મનુષ્યનું બળ છે. જે મનુષ્ય હમેશાં સમયનો સદુપયોગ કરે છે તે ધનવાન બનવાનોજ પ્રયત્ન કરે છે એમ કહી શકાય અને જે જ્ઞાન પ્રાપ્ત કરે છે તે પોતાનું બળ વધારે છે. આપણને મોટા મોટા ધનવાનો તેમજ વિદ્વાનોના એવા અનેક ઉદાહરણો મળી શકશે કે જેઓએ પોતાની બાલ્યાવસ્થામાં દરિદ્રતાને લઇને નાની મોટી નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવ્યું હોય છે અને અવકાશના સમયમાં વિદ્યા તથા જ્ઞાનની પ્રાપ્તિ માટે ઉદ્યોગ કર્યો હોય છે. તેઓને એ ઉદ્યોગ આગળ ઉપર દોલતની જેમ કામ લાગ્યો અને એ વિદ્યા તથા જ્ઞાનની સહાયતાથી તેઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાકીના જીવનમાં ઘણીજ ઉન્નતિ સાધી. તે લોકોમાં આત્મોત્કર્ષ સાધવાની પ્રબળ ઈચ્છા હતી અને તેને લઇનેજ તેઓ હમેશાં પોતાની ઉન્નતિ કરવાના પ્રયત્નમાંજ મંડયા રહેતા હતા. તેઓ નિરંતર આગળ વધતા ગયા અને છેવટે તેઓએ સફલતા પ્રાપ્ત કરી લીધી. આપણી આસપાસ આપણે એવા અનેક મનુષ્યો જોશું કે જેઓની માનસિક, શારીરિક અને આર્થિક સ્થિતિ સાધારણ રીતે ઘણી સારી હશે, પરંતુ જેઓનાં જીવનમાં કશું સારૂં પરિવર્તન નહિ થયું હોય. તેનું કારણ એજ છે કે તેઓએ પોતાની શકિત અને સમયનો કદિપણ સદુપયોગ કર્યો હોતો નથી. તેઓએ આત્મોત્કર્ષ સાધવાનો કદિપણ કાંઇ પ્રયત્ન પણ કર્યો હોતો નથી. તેઓ પોતાની વર્ત્તમાન સ્થિતિથીજ સંતુષ્ટ રહે છે અને આગળ વધવાની કશી આવશ્યકતા પણ સમજતા નથી, અથવા કદાચ સમજે છે તો પણ તેને માટે કશો પ્રયત્ન કરતા નથી, ઘણા મનુષ્યો એવા હોય છે કે જો તેઓ સ્હેજ પ્રયત્ન કરે તો ઘણા લોકોને પોતાને ત્યાં નોકર રાખી શકે, પરંતુ કેવળ આત્મોત્કર્ષની ઈચ્છાના અભાવને લઇને તેમજ પોતાની શકિતઓનો સદુપયોગ નહિ કરવાને લઈને જીંદગીભર બીજાની નોકરી કર્યા કરે છે.

જ્ઞાન વધારવાના સૌથી ઉત્તમ સાધનો બે જ છે, એક અધ્યયન અને બીજું ચિંતવન. ઘણા લોકો એમ સમજે છે કે અધ્યયન કેવળ બાલ્યવયમાં અને યુવાવસ્થામાંજ થઇ શકે છે. પરંતુ એવું સમજવું ભૂલ ભરેલું છે. એ લોકો બાલ્યવયમાં અથવા યુવાવસ્થામાં કોઇપણ કારણને લઇને વિદ્યા પ્રાપ્ત ન કરી શકયા હોય તેઓ પ્રયત્ન કરે તો ભવિષ્યમાં પણ વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. તેમાં જરૂર છે કેવળ વિદ્યા તરફ અનુરાગ થવાની અને તે પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છાની. તેજ રીતે તે લોકો પણ મોટી ભૂલ કરે છે કે જેઓ એમ માને છે કે યુવાવસ્થામાંજ વિદ્યાર્થી–જીવનનો અંત આવી જાય છે અને તે પછી અધ્યયનનો સમય અથવા તેની આવશ્યકતા રહેતાજ નથી. જો સાચું કહીએ તો સ્કુલો તથા કોલેજોમાં તો કોઇ વિષયનું સામાન્ય જ્ઞાન આપવામાં આવે છે અને તે પ્રાપ્ત કરવાની કંઈક રીત બતાવવામાં આવે છે. વાસ્તવિક અધ્યયન તો સ્કુલ અથવા કોલેજ છોડ્યા પછીજ થઇ શકે છે.

આજકાલ શિક્ષણના પ્રચાર ઉપર તો ઘણોજ ભાર મુકવામાં આવે છે, પરંતુ શિક્ષણનું વાસ્તવિક રહસ્ય અને મહત્વ ઘણા થોડા લોકોજ સમજે છે. પાઠ્ય પુસ્તકો ભણવાથીજ શિક્ષણ પ્રાપ્ત થાય છે એમ નથી. ખરૂં શિક્ષણ તો એ છે કે જેનાથી મનુષ્યને પોતાના સાંસારિક જીવનમાં ઉપયોગી થાય એવી વાતોનું જ્ઞાન મળે, મનુષ્ય પોતાનું કર્તવ્ય બરાબર સમજી જાય; ધર્મ, સદાચાર, નીતિમાં નિષ્ટા અને દ્રઢતા ઉત્પન્ન થાય તથા પોતાના દેશ પ્રત્યે ભકિત તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તવ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય. આજકાલનું શિક્ષણ લીધેલા ઘણા યુવકો નથી જાણતા હોતા કે સંસારમાં જીવન કેવા પ્રકારનું વ્યતીત કરવું જોઇએ. ઘણા ભણેલા અને સભ્ય કહેવાતા લોકો દુરાચારી અને કુમાર્ગી જોવામાં આવે છે અને ઘણા શિક્ષિત લોકો દેશદ્રોહી તથા સમાજ શત્રુ બને છે. આવા લોકોનું શિક્ષણ શું કામનું ?

આજકાલના શિક્ષણનો એક મહાન દોષ એ છે કે મનુષ્ય કામ કરવાને લાયક નથી રહેતો; તેની કાર્ય કરવાની શક્તિ ઘણે ભાગે નષ્ટ થાય છે, લોકો ભણી ગણીને શિક્ષિત તો અવશ્ય કહેવાય છે, પરંતુ શિક્ષિત બનવામાંજ તેઓ પોતાની બધી શક્તિઓનો નાશ કરી દે છે, આ દોષ લગભગ સંસાર વ્યાપી બની રહ્યો છે અને એ દૂર કરવાનું કામ કોઇ એકાદ વ્યક્તિને માટે તો લગભગ અસંભવિત છે. તેને માટે સંસારના મોટા મોટા રાષ્ટ્રો અને દિગ્ગજ વિદ્વાનોના પ્રયત્નની આવશ્યકતા છે. તોપણ ઘણા લોકો પોતે ધારે તો એ દોષથી કાંઇક બચી શકે એમ છે તેમજ પોતાના સંતાનને પણ બચાવી શકે એમ છે. માત્ર પુસ્તકો ભણવાથી જ મનુષ્ય સંસારનું કાર્ય કદિ પણ ચલાવી શકતો નથી. તેને કોઇ પ્રકારની કળા જાણવાની તથા વ્યવહાર—બુદ્ધિની જરૂર છે. આજકાલના શિક્ષિતોમાં એ વસ્તુઓનો અભાવ હોય છે અને તેટલા માટેજ તેઓ હંમેશાં અપૂર્ણજ રહી જાય છે.

બીજી બાજુ એવા લોકો હોય છે કે જેઓ કંઇક હુન્નર પણ જાણતા હોય છે અને જેઓને વ્યવહારનું પણ જ્ઞાન હોય છે. પરંતુ તે લોકો નિરક્ષર હોય છે અને તેને લઇને તેઓ પણ અધુરા રહી જાય છે. એક સમર્થ વિદ્વાનનો અભિપ્રાય છે કે મોટા મોટા વૈજ્ઞાનિક આવિષ્કાર કરવાથી સંસારનું જેટલું કલ્યાણ થઇ શકે છે તેના કરતાં હજારગણું એ નિરક્ષરોને સાક્ષર બનાવવાથી થઈ શકે છે. ઘણા નિરક્ષર એવા હોય છે કે જેઓને કંઇક શીખવાની ઘણીજ લાલસા હોય છે, પરંતુ હવે ભણવાનો સમય નથી રહ્યો એમ માનીને તેઓ એ લાલસાને દાબી દે છે, પરંતુ જો તે લોકો ઇચ્છે તો પોતાના અવકાશના સમયમાં અથવા નિરર્થક કામોમાંથી થોડો ઘણો સમય બચાવીને ઘણી સારી રીતે ભણી શકે છે. પાશ્ચાત્ય દેશોનાં ઘણા વિદ્યાલયો એવા છે કે જેમાં માત્ર કારખાનામાં કામ કરનાર મજુરોને શિક્ષણ આપવામાં આવે છે. એવા લોકો સહેલાઇથી થોડું ઘણું શીખી લે છે અને તે શિક્ષણથી ઘણો લાભ મેળવે છે. સાચું કહીએ તો શિક્ષણનું મહત્વ ધન, સંપતિ વિગેરેથી જરાપણ ઓછું નથી. પ્રાપ્ત કરેલી વિદ્યાનો વ્યવહારમાં ઉપયોગ કરીને મનુષ્ય સારો આર્થિક લાભ મેળવી શકે છે. વિદ્યા પ્રાપ્ત કરવાનો સમય કદિ સમાપ્ત થતોજ નથી. જીવનની પ્રત્યેક અવસ્થામાં વિદ્યા પ્રાપ્ત કરી શકાય છે. આંધળા, બ્હેરાં, મુંગા, ઘરડાં, રોગી સઘળા વિદ્યોપાર્જન કરતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોવામાં આવે છે. તેમાં આવશ્યકતા છે માત્ર પરિશ્રમ કરવાની અને સમય ગાળવાની. પોતાનું જ્ઞાન વધારવાની અને માનસિક શકિતઓને વિકસિત કરવાની લાલસા પ્રત્યેક મનુષ્યમાં હોવીજ જોઇએ. એ લાલસા ઘણીજ સુંદર, પવિત્ર અને લાભદાયી છે. એ લાલસા પૂર્ણ કરતી વખતે મનુષ્યનું મન ઘણુંજ પ્રસન્ન અને સંતુષ્ટ રહે છે અને ભાવિ જીવનમાં તેનાથી ઘણો લાભ પણ થાય છે. —ચાલુ

# અમારી—ભાવના.

ગઝલ.

અમે આ દેહને પામી, ભજીશું ભાવે જગસ્વામી,
તજીશું જે હશે ખામી, અમારી ભાવના એ છે.
પ્રભુ શ્રી વીરની વાણી, સુધાસમ જાણી ગુણખાણી,
સદા સુણશું ઉલટ આણી, અમારી ભાવના એ છે.
નીતિ પન્થે સદા જાશું, દુઃખી દેખી દયા ખાશું,
લુછીશું એહના આંસુ, અમારી ભાવના એ છે.
ન નીંદા કોઇની કરશું, ન માની થઇ કદી ફરશું,
પ્રપંચોને પરિહરશું, અમારી ભાવના એ છે.
ફેલાવો ધર્મનો કરવા, કેળવણી—કાર્ય આદરવા,
ન કરશું દેહની પરવા, અમારી ભાવના એ છે.
સ્વબન્ધુઓ ! સુખી કરશું, દીલે બસ દાઝ એ ધરશું,
દુઃખો દેખી તુરત હરશું, અમારી ભાવના એ છે.
જીવન ઉંચું સદા ગાળી, કષાયો ચારને ટાળી,
પ્રભુ—પન્થે જશું ચાલી, અમારી ભાવના એ છે.
ઉજ્જવળ આ આત્મને કરશું, ચિદાનંદ જ્યોતિને વરશું,
ભવાબ્ધિને સુખે તરશું. અમારી ભાવના એ છે.

મનસુખલાલ ડાયાભાઇ શાહ.-વઢવાણ કાંપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " પર્યુષણ પર્વ અને તેની આરાધના "

( લેખક:—મણિલાલ માણેકચંદ મહુધાવાલા. )

સર્વ જૈન પર્વમાં અદ્વિતિય, અત્યુત્તમ અને પુનિતતમ પર્વ જો કોઈ હોય તો તે પર્યુષણનુંજ. આ માંગલિક પર્વના માંગલિક આઠ દિવસો રમ્ય, મનોહર, શાન્તિમય અને શાન્તિકર હોય છે; મહોત્સવો, તપશ્ચર્યા, સ્વામિવાત્સલ્ય, ધર્મપ્રભાવના અને અનેક શુભ કાર્ય તેમાં જ ઉજવાય છે. પર્યુષણ પર્વ એટલે શ્રી તિર્થંકરે ઉપદેશેલા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાંનો ધર્મપુરુષાર્થ સાધી પુણ્ય પાપનું અનુક્રમે પોષણ શોષણ કરવાની વહી જતી અમુલ્ય પવિત્ર પળ. તે પર્વ ખાસ કરીને વર્ષા રૂતુમાં આવે છે અને મોટા ભાગે તે રૂતુ મંદ પ્રવૃત્તિ અને નિવૃત્તિની ગણી શકાય છે અને જો આવા સમયમાં માનવ હૃદય ધારે તો પોતાનું ચિત્ત ધાર્મિક કાર્યમાં પરોવી ધર્મપરાયણ બની શુભ કર્મ ઉપાર્જન કરી શકે છે. તેમાં પુણ્યરૂપી અમૃત પણ ચાખી શકાય યા પાપ રૂપી વિષ પણ આરોગી શકાય. તે બન્નેનો આધાર માનસિક બંધારણ, મનની સ્થિરતા, એકાગ્રતા, સુસંસ્કાર, આચાર વિચાર, ધર્મ ઉપર અડગ શ્રદ્ધા અને અપ્રતિમ પ્રીતિ ઉપર અવલંબી રહે છે. અહિંયાં મારે એટલું સ્પષ્ટ કરવું પડશે કે પર્યુષણ પર્વ જેવા ઉત્કૃષ્ટ દિવસોમાં ધર્મની અચુક આરાધના કરી ધર્મભાવ યુક્ત રહેવું તે પ્રત્યેક પંચ–પરમેષ્ટિ મંત્ર પઢનારા અને પઢાવનારનું ધ્યેય અને કર્તવ્ય છે અને હોવું જ જોઇએ.

પણ આ વિષમ કાળમાં શું શ્રવણ અને દૃષ્ટિ ગોચર થાય છે તેના ઉપર કંઇ દૃષ્ટિપાત કરીએ. આ ઝેરી યુગનું ઝેરી વાતાવરણ લગભગ સર્વની રગેરગમાં ઝેર જમાવી આ પર્વાધિરાજમાં તો શું પણ અહર્નિશ અસત્કર્મ ભરપટ્ટે આચરવા અને સુકર્મને તિલાંજલી આપવા સતત્ પ્રેરણા કરી રહ્યું છે. અત્યારે પાપ પ્રદર્શન ઠેરઠેર ભરાય છે, જોવાય છે, તેમાં ભાગ ભજવવાની અનુચિત વિજ્ઞપ્તિ કરાય છે; વેરવર્ધક કંપનીઓ ઉભી કરી તેના ઉત્પાદક, સંચાલક અને સભ્ય બનાવવાનો ભયંકર ભગીરથ પ્રયત્ન યોજાયો છે. વળી અત્યારે કેટલાક પોતપોતાના શાસ્ત્રસિદ્ધાંતથી વિરૂદ્ધ ચાલતા માલમ પડી આવે છે. એક વખત આવક પુષ્કળ હતી અને જાવક જુજ હતી, અત્યારે તેથી ઉલટું જ જોવાય છે. તે વખતની ધર્માનુરાગી જૈન જનતા " ખર્ચ ઘટે તો પાપ ઘટે " એ સિદ્ધાંત પાઠતી અને પાઠવતી, પણ આ યુગની વિવિધ વૈભવમાં રાચી માચી રહેલ જૈન પ્રજા " ખર્ચ વધે તો પાપ ઘટે " એવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉંધા સિદ્ધાંતને વળગી રહી હોય તેમ જણાય છે. તે વખતે ધર્મ ઉપર અનન્ય પ્રીતિ, નિશ્ચળ શ્રદ્ધા અને "કરણી સમ તરણી" ખાસ કરીને જોવામાં આવતાં, પણ અત્યારે તો તે સર્વ ઓસરાઇ ગયાં હોય નહિ તેમ ભણકારા ભણકી રહ્યા છે. વળી તે સમયમાં શ્રદ્ધા એ જ આધ્યાત્મિક બલકે દરેકજાતના જીવનની ચાવી હતી અને હોવી જ જોઇએ; તે વિણ ધર્મ ઘડીભર ટકી શકયો નથી અને શકવાનો નથી; જેમ દિપક વિણુ ચોતરફ અંધકાર પ્રસરી જાય છે તેમ શ્રદ્ધરૂપી દિપક વિણુ ધર્મ રૂપી દિવ્ય ગૃહોમાં સર્વદા તે પ્રસરવાનો જ. જ્યાં અડગ શ્રદ્ધા નથી ત્યાં કાંઇ સાધ્ય છે જ નહિ. હાલમાં શ્રદ્ધા અન્ય દર્શનમાં ગીરો મુકાઇ ન હોય તેમ ભાસે છે. જ્યાં શ્રદ્ધા ત્યાં જ આસ્તિકતા; નહિ તો નાસ્તિકતાનાં રોપણુ રોપાવવાનાં જ. વિશેષમાં અત્યારે કેટલાક તો નાસ્તિકતામાં એટલે બધે ઉંચ દરજ્જામાં પહોંચી ગયા છે કે તેઓ જીનેશ્વર ભગવાનના શાસ્ત્ર આગમ દ્વારા સિંચન કરેલા અમૃતમય આદેશ–ફરમાનને ઠોકર મારી ધર્મને બાજુએ મુકી અધમ આચરણુ કરી રહ્યા છે. આનું નામ જ નાસ્તિકતા; સમય સાથે આચાર વિચારનો પલટો. હજુ તો અવસર્પિણી કાળનો પાંચમો આરો છે. આવતા આરામાં કેવું આચારણુ થશે તે મુદ્દાનો અગમ્ય પ્રશ્ન છે.

ઉપરોક્ત સામાન્ય પરિવર્તન અને પરિસ્થિતિ ઉપરાંત મુડી વિણુ બહોળો નફો કરવાના લાખેણા પર્યુષણ પર્વાધિરાજના દિવસમાં, જૈન ધર્મ અને ખરા જૈનને અણુછાજતાં શરમાવનાર દુષ્કર્મો કેવાં આચરાય છે, સેવાય છે તે ઉપર કંઇ વિચાર કરીએ. તેમાં કોઇ સ્થળે અત્યારે ઉપાશ્રય વિસરાય છે, નાટક સિનેમામાં ઝડપ ઘુસાય છે, વ્યાખ્યાન અને પવિત્ર કલ્પસુત્ર એકચિત્તથી શ્રવણુ કરવાને બદલે હાજી હાજી ભણાય છે, અંધશ્રદ્ધા પોષાય છે, મનરંજન રસીલી, શૃંગારિક નવલકથા અને ફરફરીઆં આવા પવિત્ર દિવસમાં વંચાય છે; ધાર્મિક પુસ્તક અને પુસ્તકાલય વિસ્મૃત થાય છે. ત્રણુ મૂળ તત્વ–સુદેવ, સુગુરુ અને સુધર્મ: તેમજ પાંચ અણુ, ત્રણ ગુણુ, ચાર શિક્ષા–એ બારવ્રત્ત કે જેના પાલનથી ગૃહસ્થાશ્રમી શ્રાવક શ્રાવિકાથી દેશ વિરતિ બની શકાય છે તો તે કદી હોય તો અતિચાર સહિતજ. વિવિધ તપશ્ચર્યા કરવાનોજ જ્યાં ઉત્તમ સમય છે તેને બદલે મિષ્ટાન્ન જમાય છે, કાયના ક્ષણિક સુખમાં સર્વસ્વ મનાય છે. જીનપૂજા–દ્રવ્ય કે ભાવની–સામાયિક–પોષધ–પ્રતિક્રમણુ ઇત્યાદિ કે જે દેશવિરતિ શ્રાવક શ્રાવિકાની હંમેશની ફરજ છે તે સર્વનો જોઇએ તેવો આદરતો થતોનથી; બની ઠણીને ઠાઠ માઠથી ફરાય છે, મર્યાદા, શરમ, ઇજ્જતને તિલાંજલી અપાય છે. વિવિધ પ્રકારનાં દાનમાં ઉદાર દીલથી આ પવિત્ર દિવસોમાં પૈસો પાથરવાને બદલે કોઇ સ્થળે ગંજીફા ચીપાઇ છે, જુગટાં ખેલાય છે, ખુવાર થવાય છે. ઘેર પૈસા માટે મક્કા જતા હોય, હાંલ્લાં કુસ્તી કરતાં હોય તેવા બારીક વિકટ સમયમાં ધનનો દુર્વ્યય થાય છે. આવાં અનેક, જૈનધર્મ અને જૈનને અન્ય કોમ હાંસીપાત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવે તેવાં અનુચિત કૃત્યો ઘણે સ્થળે આચરાય છે. પેયાપેય, ભક્ષ્યાભક્ષ અને કૃત્યાકૃત્યનો લાભાલાભ વિચાર ભૂલાય છે. શુભકર્મની કમાણીને ભારે ખોટ જાય છે, અને તેનુંજ જમાખર્ચ નંખાય છે. ખરેખર ! આવું શાસ્ત્ર વિરૂદ્ધ વર્તન સર્વ કોઈને શરમાવનાર થઇ પડે, અધોગતિએ લઇ જાય તેમાં નવાઇ છેજ નહિ.

હા ! કેટલું શોચનીય, કેટલું ભયંકર, હે વીર પુત્રો ! જરા તો શરમાઓ. આવું અયોગ્ય વર્તન આદરી વીર ગૌરવ કેમ ગુમાવવા બેઠા છો ? આર્ય સંસ્કૃતિના ગૌરવમાં જૈન કોમે જે મોટો ફાળો આપ્યો છે તે કેમ જળવાશે ? આવા પરમ પુનિત પર્વના માંગલિક અષ્ટ દિનમાં વીરની સુધાભરી વાણી ઠાંસી ઠાંસી પીવા કેમ મથન કરતા નથી ? જૈન ધર્મનો શ્રદ્ધારૂપી શ્રેષ્ઠ શિરોમણી અલંકાર અન્ય પંથમાં ઘરાણે મૂકવા કેમ તૈયાર થઇ રહ્યા છો ? સારૂં છે કે વસુંધરા દેવી તેના એબ લગાડનાર બાળને હજુએ ગમગીન ચહેરે ખોળામાં રમાડે છે. નહિતો એક દિવસ એવો આવશે કે ધરતી માતા વિસારશે, ધ્રુજશે અને છેવટે હાલના કરમાઇને શુષ્ક થઇ જતા ધર્મ વૃક્ષનું મૂળ પણ શોધ્યું નહિ જડે.

સાવધાન થાઓ ! હજુ વખત છે. આંખ ખુલ્લી કરી ચોગરદમ અવલોકન કરો. વિપત્તિ વાદળ કયારનાંએ છવાયાં છે, વિખેરવા કટિબદ્ધ થઈ જાઓ. લાલચે લોભાશો નહિ. પહેલાં તે પર્વની આરાધના કેમ થતી હતી તેના ઉપર સંપૂર્ણ વિચાર કરો. આવા પવિત્રમાં પવિત્ર પર્વાધિરાજમાં ખાસ કરીને પુણ્ય રૂપી કમાણી જેટલી કરાય તેટલી કરી લ્યો, તેનું ભાથું બાંધી લ્યો, તેજ સાથે આવશે, નહિ તો અઢળક ધન હોવા છતાં સિકંદર સમ્રાટવત્ ખાલી હાથે જવું પડશે. જમાનાના ચાળા ને તેના અયોગ્ય આચરણને સત્વર તિલાંજલી આપી તમારા જતા ધર્મવૃક્ષને શ્રદ્ધા રૂપી જળ અહર્નિશ સિંચી નવપલ્લવિત કરો; તમારા હસ્તગાંજ છે; તે પર્વ તે માટે અમોઘ તક છે. દુર્લભ માનવ જીવન જીવ્યાની સાર્થકતા કરો; પુનઃ પુનઃ અલભ્ય છે. આત્મા શું છે, તે પ્રતિ આપણું શું કર્તવ્ય છે, કેટલું દેવું ને લેણું છે તેનું સરવૈયું ખેંચો. મહાનપુરુષોના જીવન ચરિત્ર ઉપર વિચારી જીનાજ્ઞાને શાસ્ત્ર સિદ્ધાંત પ્રમાણે પર્યુષણ પર્વનું આરાધન કરો, કરાવો, આધ્યાત્મિક જીવન ખીલાવી “ આત્માનંદ પ્રકાશ ” પામો અને પામવા પ્રેરણા કરો. હે શાસનદેવ ! સર્વને સુમતિથી સિંચન કરો એજ મહત્વાકાંક્ષા.

अस्तु ! ! !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## એકાદશ અંગોમાં નિરૂપણ કરેલ
# " શ્રી તીર્થંકર ચરિત્ર "

લેખક.—એક મુનિમહારાજ.

૧

### હરિગીત.

જ્ઞાતા સદા જગજીવનની ઉત્પત્તિના જયવંત હો,
ગુરૂ જગતના, આનંદકર જગજીવના જયવંત હો.
ઓ ! જગન્નાયક જગદ્બંધુ ઇશ તું જયવંત હો,
જગતાત હે ભગવન્ સદા જયવંત હો જયવંત હો.

૨

શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ કરનારા પ્રભુ જયવંત હો,
તિર્થ પ્રવર્તનહાર તું અંતિમ વિભુ જયવંત હો.
તીર્થેશ હિત વત્સલ ગુરૂ ત્રિલોકના જયવંત હો,
પરમાત્મશ્રીમહાવીરજિન, જયવંત હો જયવંત હો.

( યુગ્મમ )

### શ્રી નંદીસૂત્ર.

### આમુખ.

સૂર્યનો ઉદય જેમ પૂર્વદિશામાંથી થાય છે, ગિરિશિખરોમાંથી જેમ નદીઓનો પ્રાદુર્ભાવ થાય છે તેમ જૈન દર્શનની નાની-મ્હોટી દરેક રીતિનો ઉદ્દગમ જૈનાગમમાંથી પ્રગટે છે

જગતના તત્વો શું કે આત્મતત્વો શું ? આત્મા શું કે પરમાત્મા શું ? દ્રવ્યો શું કે દ્રવ્ય ભાવો શું ? ઇતિહાસ શું કે ચરિત્રો શું ? કાવ્ય શું કે ન્યાય શું ? વિજ્ઞાન શું કે કળા શું ? મૃત્યુ વિચાર શું કે જન્મ જ્ઞાન શું ? ઇત્યાદિ દરેક વસ્તુઓનું મૂળ **આગમ** છે.

આ પ્રગતિના પાદચિન્હભૂત મનાતા નકલી જમાનામાં મનુષ્ય જાતના ઇતિહાસ તરફ આપણું લક્ષ્ય ખેંચાય એ સ્વાભાવિક છે. અને જ્યારે ઇતિહાસની અંદર દીર્ઘ દષ્ટિથી કંઇ પણ વિચાર કરીએ ત્યારે આગમની નજીક જઇ ઉભા રહેવું પડે છે. તો પછી આગમોમાં ઐતિહાસિક વસ્તુ કેટલા પ્રમાણમાં છે તે જાણવાની ઉત્સુકતા સૌ કોઇને હોય એ સહજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઐતિહાસિક પુરૂષોના વર્ગીકરણમાં તીર્થંકરોનું સ્થાન પ્રથમ છે. તો આગમોમાં તીર્થંકરોનું ચરિત્ર કેટલી માત્રામાં છે તે તરફ પહેલો દૃષ્ટિકોણ ખેંચવો જરૂરી છે.

જ્યારે ભગવાન મહાવીર દેવનું ચરિત્ર લખવા બેસીએ છીએ ત્યારે એકજ પ્રશ્ન ઉઠે છે કે—આ બાબતમાં આગમો શું કહે છે ?

આનો ખુલાસો આગમજ્ઞ હોય તેજ આપી શકે, પરન્તુ આપણામાંથી સ્વયં સમાધાન કરનારા તો ઘણા ભાઈઓ એમ માનતા હશે કે–આગમોમાં તીર્થંકરોના ચરિત્રો અખંડ હશે ? કોઈ એમ પણ માની બેઠા હશે કે આગમોમાં તીર્થંકર સંબંધે નહિ જેવું કંઇ લખાયું હશે, બાકીતો આચાર્યોની કાર્ય દિશા અને સાધુની દીનચર્યા હશે.

જેઓ આગમના અધ્યયનના અધિકારી નથી ચાતો તેને વાંચી વિચારી શકે એવા સંગીન જ્ઞાનવાળા નથી, તેઓને ઉપરોકત અટપટી કલ્પનાઓ થતી હશે, તેઓને તે યથેચ્છ કલ્પનામાંથી તદ્દન સત્યવસ્તુ પ્રાપ્ત થાય તેવી તીવ્ર ઝંખના પણ થતી હશે, તો આવા મનુષ્યોને સત્ય વસ્તુનું ભાન થાય એવો પ્રયત્ન કરવાની સંપૂર્ણ આવશ્યકતા છે.

સમુદ્રોમાંના હીરા, માણેક, મોતી આદિ રત્નોને સમુદ્રવાસીજ જાણી શકે છે. તેમ આગમના રહસ્યને તેનો અભ્યાસીજ જાણી શકે એટલે આગમોમાં ઐતિહાસિક તત્વો કેટલાં છે અને તેમાં તીર્થંકરોના ચરિત્રાંશો કેટલા પ્રમાણુમાં છે તે યથાવસ્થિત તેનો જ્ઞાતાજ દર્શાવી શકે છતાં **यथाशक्ति यतनीयं** એ સૂત્રને આધિન થઇ આ ઉલેખ કરાય છે.

પ્રસ્તુત નિબંધમાં આગમો પૈકીના અગીયાર અંગોમાં માત્ર જે જે તીર્થંકરોના ચરિત્ર ભાગો છે તેનોજ સંગ્રહ કરવામાં આવશે.

**તે આ પ્રમાણે—**

૧—જે સૂત્રોમાં તીર્થંકરોના ચરિત્રની સ્વતંત્ર વસ્તુઓ હશે તેનો સૂત્રાંક સાથે અક્ષરશઃ અનુવાદ આપવામાં આવશે.

૨—જે સૂત્રોમાં તીર્થંકરોના જીવન સાથે નિકટ સંબંધ રાખનાર પુરૂષોનો (જેમકે ગોસાલો, જમાલી જયંતિ વિગેરેનો ) અધિકાર હશે તેનો યથાનુકૂલ સૂત્રાંક સાથે અક્ષરશઃ અનુવાદ ટાંકવામાં આવશે.

૩—જે સૂત્રોમાં તીર્થંકરો સાથે સામાન્ય સંબંધ રાખનાર વ્યકિતઓનું ચરિત્ર હશે. તેની માત્ર યાદી નિર્દેશ કરવામાં આવશે*

* અંગોમાં બીજા જે જે છુટક ચરિત્રો આવે છે તેની નોંધ સૂત્રાંક સાથે ફુટ–ટીપણમાં લેવાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ખ્યાલ રાખવો કે આ નિબન્ધમાં દર્શાવેલા સૂત્રાંકો શ્રી આગમોદય સમિતિ તરફથી પ્રગટ થએલા આગમોના છે એટલે તે સૂત્રોના મૂળપાઠો જોવા ઇચ્છનાર વાંચકવર્ગે તે આગમો તપાસવા તસ્દી લેવી.

આગમોના જ્ઞાતા મહાત્માઓને પહેલેથી સાગ્રહ સાદર વિજ્ઞપ્તિ છે કે-આ નિબન્ધમાં જે કંઇ ક્ષતિ જણાય તેની શુદ્ધિ કરવા કૃપા કરશે.

( પ્રારંભ અને આગળનો રસિક ભાગ આવતા અંકમાં ) લેખક.

## યૌવન.

યૌવન સદા સર્વદા વંદનીય છે, જીવનભોમનું કલ્પવૃક્ષ છે. એ જ્યોતિ પ્રદેશનો બાલ રવિ છે. તેના પ્રકાશ અને પ્રહર્ષ અલૌકિક છે. યૌવનની સાહજીક ચિત્ત-વિશુદ્ધિમાં પ્રભુ હૃદયની સાત્વિક વિમલતાનો વાસ છે.

યૌવન એજ જીવન છે-યૌવનના શુદ્ધ શોણીતમાં જીવન નૃત્ય કરે છે એવું નૃત્ય બીજે ક્યાંઇ દેખાય છે ? યૌવનમાં વિલાસ ભાવે બુદ્ધિ તેજ ચમકે છે તેવા બીજે ક્યાંઇ ચમકતા નથી. યૌવન પગલે પગલે સૌજન્ય અને સંસ્કારિતા સૂચવે છે તેમ યૌવન-હૃદયમાં જેવો જીવનપ્રેમ છે તેવો બીજે ક્યાં છે ?

યૌવનનાં લોલવિલોલ નયનમાં અણઉકેલ્યા અભિલાષ રમે છે. યુવાનના જેવો ભાવનાઓનો ભૂખ્યો અને ભક્ત બીજો કોણ છે ! યૌવને આદર્શોના અમૃત પીધાં છે. યૌવન મનોરથોના મ્હેલો રચે છે, તેમ વિપુલ મુશ્કેલીઓ છતાં એ મનોરથોને સિદ્ધ કરવાની અખૂટ શક્તિનું અક્ષયપાત્ર યુવાન આત્મામાં છે, તેવું બીજે ક્યાં છે તે કોઇ દેખાડશો ?

ઓ યૌવનને ભોગવનારા માનવી ! ત્હારા યૌવનને વેડફીશ મા. ઉચ્ચ આદર્શથી પ્રાપ્ત થએલા એ રત્નને કીચડમાં રગદોળવાની ત્હને આંણ છે. જો ' તું ' એ આપેલા રત્નના તેજને જરા પણ ઝાંખપ લગાડીશ ' તો ' તારી પર ભાગ્યવિધાતાના પ્રકોપ ઉતરશે.

ઓ વ્હાલા માતાપિતા ! એ મૃદુ રસાયણ ભર બાલુડાના નિર્દોષ જીવનલીલાનું લીલામ બનાવશો નહિં તેના કોમલ મગજ પર સંસારના ઝેરી પવનના ઝપાટા નાંખી જીવનદોલાને કલુષિત કરવાની તમને આણ છે.

ત્હમને પુત્ર વાત્સલ્યતા માટે જીગરનો પ્રેમ હોય તો તેના સુકોમલ મગજને કેળવી વિશુદ્ધ પથે છોડી મુકશો પણ તેની અમર આશાને ગુંગળાવી મારશો નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૌવન ! તું સુવાસીત સુમનોનો પુંજ છો, એ પુંજમાં નિવાસ કરવા માટે મારી પ્રાર્થના છે કે—અમર યુવાનીના સ્થાને જેઓ પહોંચી ગયા છે તે નિરંજન સ્થાને અમને પહોચાડ.

હે ચૌવન ! ત્હારી સેવામાં આજે પચ્ચીશ વર્ષના પહાડ સમાન એક માસિક પ્રવેશ કરે છે. આ તાજા સુંદર ખુશનુમા સમાચાર સાંભળી તેને આનંદ-હર્ષનો અવધિ જ હોય.

એ ચૈત્યના જોમ ભર યુવાન માસિક તે કોણુ **આત્માનંદ પ્રકાશ.** જગત તેમ સમાજને અંધકારમાંથી પ્રકાશમાં મુકવાની અતુલ સેવામાં યુવાની પ્રગટાવશે અને પોતાના વાંચકોને નવનિત–જીવનલક્ષ્ય વિચારોના ફૂલ પ્રકાશથી આંજી પ્રમોદિત બનાવશે.

તેના વિધાયકો–સંચાલકોનો કાર્યમાર્ગ નિષ્કંટક બનો, અને એ તરૂણ માસિકનું જુદું સ્વરૂપ જગત્ આગળ ધરે તેવું ઇચ્છી હું વિરમું છું.

આ તરૂણ ? **शतंजीव.**

" તારૂણ્ય જોમ નિહાળ આ ? વ્હાલા
મમ ચૌવન પન્થ ઉજાળ, આ વિભુ ? " લેખક **વિહારી.**

# પરિપાટી.
અને
## ચત્તારિ અટ્ઠદસ દોય ગાથાનો વંદન પાઠ.

(લેખક શ્રી વિહારી.)

### મંગલાચરણ.

**" नमिउण वध्धामाणं थुणामि जिणचेइए विविहरुवे**
**चतारि अट्ठ दस दोय इमाए गाहाए संगहिए " ॥ १ ॥**

શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર કરીને ' **चतारि** ' એ ગાથા વડે નિર્દેશ કરાતાં વિવિધ જીન ચૈત્યોની સ્તુતિ કરૂં છું.

### પ્રથમ પરિપાટી–ગા. ૨–૩–૪–૫

### અષ્ટાપદ તીર્થની સ્તુતિ.

**चत्तारि अट्ठ दस दोय, वंदिया जिणवरा चउवीसं,**
**परमट्ठ निट्ठियट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु. ॥ २ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चत्तारि दक्खिणाए, पच्छिमओ अट्ठउत्तराइं,
दस पुव्वाएदो अट्ठावयम्मि वंदे चउव्वीसं. ॥ ३ ॥
पुव्वाए उसभमजियं, दक्खिणओ संभवाइ चत्तारि,
पच्छम्मि सुपासु माइ, धम्माइ दसउ उत्तरओ. ॥ ४ ॥
वण्ण तणुमाण लंछण पमुएहिं, अलंकिया निय-निएहिं,
भरहेसर निम्माविया, अट्ठावय जिणवराणए. ॥ ५ ॥

જેમના દરેક કાર્યો પરમાર્થે સિદ્ધ થયા છે અને જેઓ સિદ્ધદશાનો અનુભવ કરે છે એવા ચાર-આઠ-દશ-અને બે એમ અનુક્રમથી વંદાતા ચોવીશે જીનવરો મને સિદ્ધિ આપો. ૨

અષ્ટાપદ પર્વત પર રહેલા એવા દક્ષિણમાં ચાર, પશ્ચિમમાં આઠ ઉત્તરમાં દશ અને પૂર્વમાં બે એમ ૪+૮+૧૦+૨=૨૪ ચોત્રીસ અતિશય-આઠ પ્રાતિહારીથી યુક્ત ચોવિશે જીનેશ્વરોને ત્રિકાલ વંદન કરૂં છુ.

જેની અંદર પૂર્વદિશામાં ઋષભનાથ અને અજીતનાથ, દક્ષિણમાં સંભવનાથ અભિનંદન, સુમતિનાથ અને પદ્મપ્રભુ, પશ્ચિમદિગ્વિભાગમાં સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ; સુવિધિનાથ, શિતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યસ્વામી, વિમલનાથ, અનંતનાથ, અને ઉત્તમ એવી ઉત્તરદિશામાં ધર્મનાથ, શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમીનાથ, નેમનાથ, પાર્શ્વનાથ, અને મહાવીરસ્વામી તીર્થ કરો છે. પોતપોતાના મનોહર વર્ણ, સુંદર દેહમાન અને લંછનથી અલંકૃત જીનબીંબો અષ્ટાપદ પર્વતપર ભરતરાજાએ નિર્માણ કરેલ છે. તેને મારી પુનઃ પુનઃ વંદન હો ?

## બીજી પરિપાટી ગા. ૬-૭

## સમ્મેત્તશીખર તીર્થ વંદન.

चत्तारिओ अरिमुक्का, जिणवरा अट्ठदशदोय एवं,
सम्मेयसेलसिहरे, वीसं परिनिव्वुए वंदे ॥ ६ ॥
चउसद्दा पुणएत्थं, अत्थविसेसप्पयासणे ने या,
गाहाए चरिमध्धं, सव्वेसु वितुल्ल मत्थेसु ॥ ७ ॥

ચારે (કષાયો) આંતર શત્રુઓથી રહિત આઠ-દશ-અને-બે-૮+૧૦×૨=૨૦ એમ વીશ જીનેશ્વરો સમ્મેતશિખર ઉપર નિર્વાણ પદ પામ્યા છે, તેઓને હું વંદન કરૂં છું. અહીં એટલું યાદ રાખવું કે चउवीसं પદના-च અને उ એ બંન્ને શબ્દો અર્થની વિશેષ સ્પષ્ટતા કરનારા છે. અર્થાત ગાથાર્થને સૂચવનારા છે તેમ દરેક પરિપાટીમાં બીજી ગાથાનો ઉતરાર્ધ परमट्ठ નો અર્થ એક સરખોજ સમજી લેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ત્રીજી પરિપાટી ગા. ૮–૯
### શત્રુંજય તીર્થ વંદન.

**चत्तारि पयंपुव्वंव, अट्ठ–दस–चउविभत्त–वीसत्ति,**
**पंचजुया तेवीसं, सत्तुंजय सिहरए वंदे ॥ ८ ॥**
**दोयत्ति हुंति इंदा, दोसग्गातस्स पालगा तेण,**
**दोएहिं वंदिया, दोय–वंदिया हुंति जिणचंदा. ॥ ९ ॥**

એ હિમાચલના શીખર સમાન શ્રી શત્રુંજય તીર્થપર રહેલ ચાર કષાયથી રહિત આઠ–દશ–વીશને ચારથી ભાગતા ૨૦÷૪=૫ શેષમાં આવેલ પાંચ એમ ૮+૧૦+૫=૨૩ ત્રેવિશ જીનેશ્વરોને વંદન કરૂં છું—ઇન્દ્રો બે સ્વર્ગના પાલક હોવાથી દોય કહેવાય છે અર્થાત્ પૂર્વોક્ત જીનેશ્વરો દોયવંદિય–ઇન્દ્રોથી 'પૂજાએલા' કહી શકાય છે.

## પરિપાટી, ચોથી. ગા. ૧૦
### "નંદીશ્વર દ્વિપય ચૈત્વંદન."

**चउ अडगुण बत्तीसं, दो दस वीसत्ति मिलिय बावंण्णा**
**नंदीसरे चउसट्टा मयंतरे वीस चेइए वंदे ॥ १० ॥**

નંદીશ્વર દ્વીપમાં આવેલ ચાર અને આઠથી ગુણતાં બત્રીશ ૪×૮=૩૨ અને બે ને દશથી ગુણતાં આવેલ ૨×૧૦=૨૦ વીશ એમ કુલ ૫૨ બાવન ચૈત્યોને વંદન કરૂં છું. તેમ **च** અને **तु** શબ્દથી મતાન્તર કલ્પીને નંદીશ્વર દ્વીપના વીશ ચૈત્યોને નમસ્કાર કરૂં છું.

## પરિપાટી પાંચમી ગા. ૧૧
### "વિશ વિહરમાન જીનવંદન."

**चत्तारि जंबूद्वीपे धायइसण्डेऽट्ठ पुक्खखरद्धे**
**दोरहिया दस अट्ठश्रो, वीसं वंदे विहरमाणे ॥ ११ ॥**

જમ્બુદ્વીપમાં ચાર ધાતકીખન્ડમાં આઠ અને અર્ધ પુષ્કરાવર્તમાં દશમાંથી બે બાદ કરતાં રહેલ ૧૦–૨=૮ આઠ એમ ૪+૮+૮=૨૦ વીશ વિહરમાનને વંદન કરૂં છું.

## પરિપાટી છઠ્ઠી ગા. ૧૨
### "વીશ જન્મ–તીર્થંકરોને વંદન."

**जंबुद्वीपे चउरो, दुदु अरिहा पुव्व पच्छिम विदेहे**
**अडअड धायइ पुक्खरे, उक्कोसं वीस जम्मश्रो वंदे ॥ १२ ॥**

પૂર્વ અને પશ્ચિમ મહા વિદેહમાં બે–બે તેજ પ્રમાણે જમ્બુદ્વિપમાં ચાર ધાતકી ખંડમાં આઠ અને પુષ્કરા દ્વિપમાં ૧૦–૨=૮ આઠ તેમ એક સમયે ઉત્કૃષ્ટ જન્મતાં (જન્મ થતાં) ૪+૮+૮=૨૦ વીશ જીનેશ્વરોને વંદન કરૂં છું. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી (જૈનોની) વીરતા ક્યાં ?

લે. સુધાકર.

સુચના.—ખબરદાર ( માંયકાંગલા, નિર્માલ્ય અને નિઃસત્વ રહેવા ઇચ્છતા મહાનુભાવોએ આ લેખ વાંચવા તસ્દી ન લેવી. )

જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ નિહાળતાં આ પ્રશ્ન સહજ ઉદ્દભવે છે કે " આપણી વીરતા. " ક્યાં ? આજે સારૂં જગત ઉત્ક્રાન્તિ કરી રહ્યું છે.

જે દેશો અને સામ્રાજ્યો પરતંત્રતાની બેડીમાં ઝકડાયેલા હતા. જેમને ગુલામીમાંજ આનંદ હતો અને જેમનું જીવન, ધર્મ કે રાષ્ટ્રનું ભાવી બીજાઓ ઘડી આપે તેના ઉપરજ અવલંબેલું હતું, તે નિર્માલ્યમાં નિર્માલ્ય પ્રજા–રાષ્ટ્ર આજે જાગૃત બની કુચ કદમ પ્રગતિ સાધી પોતાની વીરતાના બળે આજે સમસ્ત રાષ્ટ્રની પોતાના તરફ દ્રષ્ટિ ખેંચી રહેલ છે.

આજે પરતંત્રતામાં આનંદ માનનાર, ખુશામતને પ્રભુને પણ પ્યારિ ગણનાર, ક્ષુદ્ર કલેશોમાં મહત્તા માનનાર અને ઈર્ષ્યાગ્નિમાં સળગવામાં પ્રભુતા માનનાર પ્રજા પરતંત્રતાની બેડીઓને તોડી નાખી ખુશામતને ફેંકી દઇ, કલેશોને દફનાવી દઇ, ઇર્ષ્યાગ્નિને દરિયામાં પધરાવી પોતાની વીરતાથી સ્વતંત્રતાનો વિજયધ્વજ ફરકાવી રહેલ છે. અરે આપણા હિન્દની પરિસ્થિતિ. લગાર નજરે નિહાળો. જે પ્રજા ક્ષુદ્ર કલેશોમાં, પરસ્પરની મારામારીમાં, માન અને મહત્તાના–મોટાઇના ભારમાં લદાવાને ઈચ્છતી. તેજ પ્રજા આજે પોતાની વીરતાથી પણ ધ્રુજાવી રહેલ છે. અને નિર્ભયતાથી સ્વરાજ્ય, અને સ્વરાજયની જાહેર ઉદ્દઘોષણા કરી રહેલ છે. તો આપણે હિંદુસ્થાનમાં વસનાર મુઠીભર જૈનો આજે કયાં છીએ. વીરના પૂજારીઓની વીરતા કયાં ? તે પ્રશ્ન દરેક સુહ્રદય શાસન સેવકના હ્રદયમાં જરૂર ખટકતો હોવો જોઇએ.

આપણા પૂર્વજો વીર, અને આપણે પોતાની વીરતાથી જગતને આશ્ચર્યચકિત કરનાર, અને પોતાનીજ વીરતાથી જગતમાં **મહાવીરનું** અનુપમ માન મેળવનાર પ્રભૂ મહાવીરના પૂજારી તો આપણી વીરતા અને વીર પૂજા આજે કયાં છે ? **અહિંસા પરમો ધર્મ** માનનાર પ્રજા ખરી વીર–મહાવીર થઈ શકે છે. **अहिंसा परमो धर्मना उपासको** પોતાની વીરહાંકથી શત્રુઓના હ્રદયકમલનો સંકોચ કરી દેતા. તેના એક શબ્દથી શત્રુ સૈન્ય કાંપતુ, તેની આંખનો એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખુણો લાલ થતાં મોટા માન્ધાતાનાં સિંહાસન ડગમગતાં, છતાંય તેનું હૃદય સરોવર તો કરૂણાના જલથી છલકાઇ જતું એજ **अहिंसा परमो धर्मना उपासको** આપણે. વિચારો આપણી વીરતા કયાં ગુમાવી બેઠા છીએ ?

આ લેખ વાંચી લગારે ચમકશો નહીં **अहिंसा परमो धर्मना उपासकने** એ વીરતા કેમ છાજે એવી લગારે આશંકા આણશોમાં. **अहिंसा धर्म** નો ઉપાસકજ ખરો વીર અને ધીર બને છે. વીરતા કાંઇ એક પ્રકારની નથી હોતી. મનુષ્યો ધર્મવીર, બ્રહ્મચર્યવીર. અને કર્મવીર, દાનવીર, હોઈ શકે છે.

હું જ્યારે જ્યારે જૈન સમાજનો, જૈન સંઘનો અને સમસ્ત જૈન શાસનનો વિચાર કરૂં છું ત્યારે તેની ઉન્નતિ; તેની પ્રભુતા, અને એના વિજયડંકાના નાદનો ખરો ધ્વનિ મારા કર્ણપટપર અથડાય છે અને તેજ વખતે એ ભૂતકાલિન પરિસ્થિતિ સાંભળી અને અત્યારની પરિસ્થિતિ જોઇ મારૂં હૃદય દ્રવે છે. હું તો સદાય એમજ ઈચ્છું છું કે જેવું મારૂં હૃદય દ્રવે છે. તેવું દરેક શાસન શુભેચ્છકને શાસનની સાચી ધગશ વાળાને જરૂર થતુંજ હશે.

વાણીયામાં કેટલી તાકાત હોય છે તે જોઇ લે. ધૂધલે બાણ ચલાવ્યું, ચાલાક તેજપાલ તરી આગળ થયો અને પોતે બાણાવલી ચલાવી બન્ને વચ્ચે દારૂણ યુદ્ધ ચાલ્યું અન્તે ધૃધલ હાર્યો અને જીવતો કેદ પકડાયો. તેને જીવતોજ પાંજરામાં પૂરી વીરધવલની સભામાં ખડો કર્યો. આટલા પરાજય છતાં અભિમાની ધૃધલનો ગર્વ ગળ્યો ન્હોતો, **" અભિમાની મનુષ્ય વ્યર્થ ગર્વના હાથી ઉપર ચઢી પોતાનો કાળ નજીક ખેંચી આણે છે. "** બીજે દીવસે લોહશ્રૃંખલા પહેરાવી અભિમાની ધુધલને રાજ સભા સમક્ષ ઉભો રાખ્યો અને તેણે ઉત્તર રૂપે મોકલેલ. **કાજળ, કાંચળી અને સાડી** તેની સન્મુખ મુકી કહેવામાં આવ્યું. આવું વ્યર્થ: અભિમાન ન રાખીયે. શેરને માથે સવાશેર જરૂર હોય છે. એ ન્હોતું. ભૂલવું. હવે આજે આ તમારી મોકલેલી વસ્તુઓનો ઉપયોગ તમે કરો—અર્થાત કાજળ આંખમાં આંજો અને કાંચળીને સાડી પહેરો; ધુધલ ક્રોધથી ધમધમ્યો પણ પાંજરામાં પૂરાયેલા સિંહની ગર્જના જેમ નકામી જાય છે. તેમ તેનો ક્રોધ અસ્થાને હતો. તેજપાલે પાસે જઇ તેની વસ્તુ તેને પહેરાવી–કાંચળી અને સાડી પહેરાવી; અને બતાવી આપ્યું કે કોનું રાજ્ય ગુજરાતમાં ચાલે છે તેમજ તેં માની લીધેલા ભાજીખાઉમાં તારા કરતાં પણ કેટલું વિશેષ બળ છે.

ધુધલમાં એકલું વીરત્વ હતું, તેને કાંઇ આજુ બાજુનો વિચાર કે આ કાર્ય છે કે અકાર્ય છે તેનું ભાન ન્હોતું એનું વીરત્વ, બીજાને **દુઃખ દેવામાં, ગરીબ રૈયતની મા બહેનો લુટવામાં, બીજની લક્ષ્મી લુંટી લેવામાંજ વપરાતું**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ત્યારે આ ધર્માત્મા વીરપુરૂષનું વીરત્વ** બીજાનું રક્ષણ કરવામાં બીજાને ભયથી મુક્ત કરવામાં અધર્મ ટાળવામાં, **સ્ત્રીઓનું સતીત્વ રક્ષવામાં** બીજાના લક્ષ્મી ભંડારો સહિસલામત રખાવવામાં અને પરદુઃખદાયક અભિમાનીઓના મદ ચુર્ણ કરવા માટેજ વપરાતું. **અહિંસા ધર્મનો પરમ ઉપાસક વીર પુરૂષ કદીપણુ પોતાના શૌર્યનો અને વીરતાનો દુરૂપયોગ નહિં કરે.** બીજાના પીડનમાં તે કદીપણુ નહિં રાજી રહે અને સદાય ધર્મના રક્ષણુ માટે તત્પર રહેશે આપણે આવા વીરપુરૂષો જોઇએ છીએ. ધર્મનું રક્ષણુ કરે **તીર્થોને સ્વતંત્ર રાખી માત્ર આત્મ કલ્યાણુના દ્વાર રૂપેજ રહેવા દે. તેને આવકેનું સાધન માનનાર કરતા આત્મપુનિત્ કરવાનું સાધન માનનાર બનાવી દે,** અને પરદુઃખ ભંજક નીવડે. આ વીર પુરૂષની વીરોચિત વીરતાનાં હજી એકાદ બે દ્રષ્ટાન્તો જોઇ પછી આગળ વધીશ. (ચાલુ.)—

## પ્રકીર્ણ.

આ ભારત વર્ષમાં આપણા પૂર્વજોએ અપરિમિત દ્રવ્ય ખરચી પૂર્ણશ્રદ્ધા પૂર્વક આપણા આત્મ કલ્યાણુ માટે ભવિષ્યની જૈન પ્રજાને સોંપેલો અમૂલ્ય, અપૂર્વ તીર્થોરૂપી વારસો આપણે જોઇએ તેવી રીતે સાચવી શકયા નથી એમ કેટલાંક વર્ષોથી ઘરના અને બહારના તરફથી આપણા તીર્થો ઉપર થતાં આક્રમણોથી જોઇ શકાય છે. કેટલીક વખત પ્રમાદ, કાયદાનું અજ્ઞાનપણું અને નિયમિત વ્યવસ્થાની ખામી, માન અને મતભેદોની હાજરી, આત્મભોગ આપનાર બંધુઓની ઉણપ વગેરેને લઇને આજે આપણે આપણા પવિત્ર તીર્થો માટે ઘણું ગુમાવ્યું છે. **गतम् न शोचामि** તે ભુતકાળ ભૂલી જઇ હવે આપણે જાગૃત થવાની જરૂર છે. આપણા જે પવિત્ર તીર્થોના હકો, હકુમત અને સંરક્ષણ માટે વર્તમાન કાળના સંયોગો જોતાં હિંદુસ્તાનના સમગ્ર તીર્થોની વ્યવસ્થા પુર્વક સંભાળ રાખવા, બંધારણપૂર્વક સમગ્ર હિંદના જૈનોનું એક મંડળ–તીર્થરક્ષણ કમીટી નીમવાની જરૂર છે. જેમ શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની કમીટી પોતાના કબજામાં રહેલા તીર્થોના રક્ષણની ફરજ બજાવે છે, તેમ પંજાબ, બંગાળ, મારવાડ, મેવાડ દક્ષિણુ વગેરે પ્રાંતોના તીર્થોની સંભાળ માટે તે પ્રાંતના આગેવાનોની કમીટીઓ પણુ દેખરેખ રાખીને ફરજ બજાવે છે. પરંતુ આવી છુટીછવાઇ જુદી જુદી વ્યવસ્થામાં બંધારણ પૂર્વક સમગ્ર હીંદનું એકત્ર મંડળ કે તીર્થ રક્ષણુ કમીટી જેવું મંડળ ન હોવાથીજ તીર્થોના હકો માટે ભૂતકાળમાં ઘણું ગુમાવ્યું છે અને તેથીજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યારે તેવા વ્યવસ્થિત—વ્યાપક બંધારણુની અગત્ય ખાસ છે તે સહજ સમજી શકાય તેવું છે. હિંદુસ્તાનના જુદા જુદા વિભાગોનો નિર્ણય કરી તેવા દરેક વિભાગના તીર્થોને અંગે વિશેષ સંભાળ અને વ્યવસ્થા રાખી શકે તેવા દરેક પ્રાંતવાર તીર્થરક્ષણ કમીટીઓ નક્કી કરી અને તે તે પ્રાંતના તે તે કમીટીના પ્રતિનિધિઓવાળું એક સમગ્ર હિંદના તીર્થોનું મહામંડળ–જનરલ તીર્થરક્ષક કમીટી જેવી બંધારણ પૂર્વક યોજના કરવાની જરૂર છે કે જે જનરલ તીર્થરક્ષક કમીટી દર વર્ષે એક એક પ્રાંતમાં મળે; પોતપોતાના તીર્થો સંબંધી હકીકતો વગેરે રજુ કરે જેથી આપણા તમામ તીર્થોનો સંપૂર્ણ પરિચય થશે, અને જેમ બને તેમ જલદીથી તમામ તીર્થોની ડીરેકટરી તેના શરૂઆતના ઇતિહાસ સહિત તૈયાર કરી પ્રકટ કરવી જેથી તે પવિત્ર સ્થળોનો લાભ પણ જૈન સમાજ સ્હેલાઇથી મેળવી શકે અને તેવો તીર્થોનો ઇતિહાસ તૈયાર થતાં હક, હકુમત રક્ષણને અંગે જ્યારે જરૂર પડે ત્યારે તે ઉપયોગી થઇ પડે તે માટે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના માનદ કાર્યવાહકોને નમ્ર સુચના કરીએ છીએ કે આપની તીર્થની સેવા કરતી પેઢીથી આવું વ્યવસ્થિત બંધારણ પુર્વકનું એક મહામંડળ તીર્થરક્ષક કમીટીનો જન્મ થાય એવું જૈનકોમ અંતઃકરણ પૂર્વક ઇચ્છે છે.

## વર્તમાન સમાચાર.

### જૈન કોમે સવેળા સાવચેત થવાની જરૂર.

કાઉન્સીલ ઓફ સ્ટેટ તરફથી કેન્ટોન્મેન્ટ સ્થાનો માટે એક સરકયુલર બહાર પડ્યો છે—તેની નકલ આ સાથે છે તે બાબતમાં જૈનોને હિંદુ બહાર ગણાતા નીચે મુજબ પરિણામ જોવાય છે.

આ સરકયુલર સાથેની નકલમાં લખેલ તારીખથી લાગુ પડશે. આ બાબતમાં પોકાર કરનારે તે પહેલાંજ કંઇક કરી લેવું જોઇએ આ કાયદો કરવામાં જાણવા પ્રમાણે બ્રાહ્મણોનો હાથ છે. કેસરી પત્રના તંત્રી જેને જૈનોપર મુનશી જેવોજ પ્રેમ છે જેઓ જૈનોને હિંદુથી જુદા પાડવામાં પૂર્ણ સમ્મત છે.

લો૦ તીલકે હિંદુ શબ્દની વ્યાખ્યા "વેદ માને તેજ હિંદુ" આવી કરેલ છે જેથી એ રીતે કબુલ રાખીને પ્રસ્તુત તરકટ કરવામાં આવેલ છે.

જૈનો હિંદુથી જુદા નથી આ માન્યતાવાળા પણ થોડા ( દક્ષિણી ) બ્રાહ્મણો પણ છે.

પૂના ખડકીમાં એક સભા ભરાઇ હતી જેમાં હિંદુ મહાસભાના પૂના ખાતેના સભ્યો બ્રાહ્મણો જૈનો હિંદુઓ વિગેરે તરફથી એવો ઠરાવ થયો છે કે "જૈનો હિંદુ છે. તેને અલગ કરવા એ કોઇ રીતે પ્રશસ્ય નથી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી તે તરફનું એક ડેપ્યુટેશન પણ પૂના કલેકટરને એકાદ સપ્તાહમાં મળશે.

આ સરકયુલર હાલતો કેન્ટોન્મેંટ છાવણીવાળા સ્થાનો ( ખડકી; વઢવાણકાંપ, રાજકોટ સદર, ડીસા કેંપ, વિગેરે ) માટે છે પણ તે પસાર થતાં એજન્સી માટે પણ એજ સરકયુલર ગોઠવવામાં આવશે.

માનીલ્યો કે—મ્યુનીસીપાલીટીમાં હિંદુની ૩ મુસલમાનની ૧ પારસી વિગેરેનો ૧ એમ પાંચ વોટ છે હવે જો જૈનો હિદું ન મનાય તો અને તેનું વર્ગીકિરણ પારસી વિગેરે સાથે થાય તો જૈનોની ચુંટણીનો વખતજ ન આવે અત્યારે જૈન–જૈનેતર હિંદના વોટથી જૈન ચુંટાય છે તે બનેજ નહિ

અત્યારે કેટલેક ઠેકાણે જૈન વૈષ્ણવોની કન્યાની લેવડ દેવડનો પ્રસંગ શરૂ છે જેમાં એકદમ ગોટાળો થાય.

જૈન–વૈષ્ણવોનો હરેક કાર્યમાં જે પરસ્પર મેળ છે તેમાં ત્રુટી આવે એક બીજા જુદા જુદા છીએ એ ભાવનાને સ્થાન મળે વૈમનસ્ય થાય જેથી જૈનોને ધારાસભા વિગેરેમાં પોતાનો અવાજ પહોંચાડવાને મોટી મુશ્કેલી ઉભી થાય.

જૈનો હિંદુથી જુદા પડતા હિંદુઓ મુસલમાનોની પેઠે જૈનોથી પણ ભટકશે હિંદુ રાજાઓનો પ્રેમ મેળવવો કઠીણ થઇ પડશે. **न गच्छेत् जैन मंदिरं–नगच्छेत् शैव मंदिरं** વિગેરેને મજબુત પોષણ મળશે. પરિણામે અન્ય ધર્મીઓ સમાજમાં આવી શકશે નહી. અને જૈનીઓ જૈનત્વથી રહિત થાય એવું પણ બને. જૈનેતરો જૈનોને નાસ્તિક કહે છે. હવે જુદાઇ થતાં અ હિંદુમ્લેચ્છ એવા શબ્દથી સંબોધે એ પણ બનવું સંભવિત છે. જેથી હિંદના સર્વ શહેર ગામના જૈન સંઘો મીટીંગો મેળવી પ્રોટેસ્ટ આ માટે ઉઠાવવા જરૂર છે અને જૈન કોન્ફરન્સ ઓફ ઇન્ડીઆ વગેરે સંસ્થાએ પણ આ માટે હીલચાલ ઉપાડી લેવા જરૂર છે.

એક મુનિશ્રી.

---

No. M. L. L. 196.

*From,*

**P. B. Haigh, Esq. M. L. A., I. C. S.**

DISTRICT MAGISTRATE POONA.

*To,*

**The Executive Officer & Secretary,**

CANTONMENT BOARD POONA.

*Poona 31st May 1927.*

Subject:–Cantonment Elections 1927.

*Sir,*

With reference to your No. E. R./589 dated 28–5–27 I have the honour to state that Government are being moved to

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



amend Rule 7 of the Electoral Rules so that in the case of Christians, the Christian names and subnames may be recorded, and in the case of married women or widows, the husband's name, but in the case of unmarried women the father's name. This procedure may be adopted in anticipation of Government orders.

2. As regards Schedule I of the Electoral Rules, Jains, Sikhs and Buddhists are not Hindus. They should be classified among " others " and not included among " Hindus. "

3. The recommendations of the Cantonment Board poona forwarded under your No. E. R / 4055 dated 28-3-1927 have been forwarded to Government whose reply is awaited.

Your most obedient servant,

**SD. P. B. Haigh.**

District magistrate, Poona.

Copy to the Executive officer and Secretary cantonment Board Kirkee for information and guidance.

**Sd. X X X**

District Magistrate, Poona.

---

## હૃદયભેદક મહાન સંકટ.

### દરેક મનુષ્યને યથાશકિત મનુષ્યો અને પશુઓની પૈસા, અનાજ, કપડા અને લાગણી તથા આશ્વાસનથી સેવા કરવાની ઉભી થયેલી તક.

ગુજરાત કાઠીયાવાડના પૂર્વના કોઇ કઠીન પાપકર્મના ઉદયથી ગયા અઠવાડીયામાં અતિવૃષ્ટિ થતાં ભારે સંકટની સ્થિતિમાંથી પસાર થયેલ છે. એકાએક અણધાર્યા સંકટમાં ત્યાંના મનુષ્યો તથા પશુઓ વગેરેને ઉતારી દીધા છે. અનેક ગામોના ગામો તણાયા છે પાણીમાં ડુબ્યા છે. મનુષ્યો અને પશુઓ હજારો મકાનો પડવાથી અને જલ પ્રવાહમાં તણાઇને મોટી સંખ્યામાં મરણ શરણ થયા છે. કુટુંબોના કુટુંબો ઘરબાર વગેરેથી રખડતાં થતાં તેમને વીતેલ સંકટો સાંભળી પાષાણ હૃદયોને પીગળાવીને આંખોમાં અશ્રુની ધારાઓ વહેવડાવે છે. કાઠીયાવાડ કરતાં ગુજરાત પ્રાંતમાં ઉપરોકત નુકસાન વિશેષ થયું છે. ઉત્તરે આબુ, દક્ષીણે ભરૂચ, પૂર્વ પશ્ચિમ માળવા અને દાહોદ ગુજરાતનો મોટો ભાગ, બંને ભાલ પ્રદેશો અને ઝાલાવાડ પ્રાન્ત સુધી આ તોફાને ગંભીર રૂપ પકડયું હતું. વડોદરા અને આસપાસના ગામો. ખેડા અને તેના જીલ્લામાં આમોદ, જંબુસર તેમજ અમદાવાદ અને આસપાસના ગામો ભરૂચ વગેરે સ્થળે અનેક મનુષ્યો એ આ કોપમાંથી બચવા ત્રાહે ત્રાહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુમો પાડી પણ જ્યાં સૌ પોતાના જાન સંભાળી શકે તેમ ન હોય ત્યાં કોણ કોને બચાવે ? અનેક શહેર, ગામો ગામડાઓની-હૃદયદ્રાવક-કરૂણાજનક હકીકત વાંચતાં સાંભળતાં-હૃદય કંપી ઉઠે છે. રેલ્વે, તારટપાલના વ્યવહાર પણ તોફાનની અસરથી નાબુદ થતાં સંકટોમાં વિશેષ વૃદ્ધિ થઇ, રેલ્વે વ્યવહાર અટકી જવાથી દરેક સ્થળોના જનસેવકોએ બનતો ભોગ આપી સેવા કરી રહ્યા છે. છતાં હજારો મનુષ્યો નિરાધાર નિરાશ્રીત થઇ પડ્યા છે. તેની વ્હાર કરવા આજે મુંબઇ અમદાવાદ વગેરે સ્થળે સંકટ નિવારણ ફંડો ખોલવામાં આવ્યાં છે. હજારો તો શું પણ લાખો રૂપીયાથી પણ પુરૂં થાય તેમ નથી, વાચકો તમારા હૃદયમાં દયાનો ઝરો વહેતો હોય, સંકટ વાંચી સાંભળી-હૃદય દ્રવતું હોય, તો આવા નિરાધાર થયેલા મનુષ્યો ( જાતિ ધર્મ ભેદ રાખ્યા વગર ) ની વ્હારે થવા સંકટ દુર કરવા-ઓછું કરવા તમારૂં ખરૂં કર્તવ્ય લાગણી બતાવી પૈસા વગેરે આપી ન ચુકતા. પૈસા એકઠા કરવાને માટે આખું જીવન છે, પરંતુ ખરી જન સેવા ( તેમાં પણ ખરેખરા સંકટના સમયે ) આવી પળો જીવનમાં ભાગ્યેજ મળે છે, જગતનો મહાન પુરૂષ જગડુશાહ આજે યાદ આવે છે એવા ખરા દયાળુ જગડુશાહ બહાર આવવાની જરૂર છે. જૈન કોમ ખરેખરી દયાળુ ગણાય છે. ખરી દયા તે તેનો મુખ્ય ધર્મ છે. જૈન બંધુઓ અને મુનિ મહારાજાઓને વિનંતિ છે કે સેવા ભાવનાના આ ક્ષેત્રમાં તેમનું સ્થાન છે, જેથી અહિંસાનો અપૂર્વ વારસો ધરાવતી જૈન કોમ જાતિ કે ધર્મનો ભેદ રાખ્યા વગર પોતાની લક્ષ્મીનો અને લાગણી તથા શકિતનો બ્હોળા પ્રમાણમાં સદ્વ્યય કરી સંકટમાં પડેલા મનુષ્યોને રાહત-શાંતિ આપવા પોતાનું વિશેષ પ્રમાણમાં બનતું કરીને હિંદની બીજી કોમને આશ્ચર્ય ચકિત કરશેજ ! ! ! જાણવા પ્રમાણે જૈન સ્વયંસેવકો અનેક સ્થળે સેવા આપી રહ્યા છે, વળી આ સેવાના કાર્યમાં મુંબઇ, વડોદરા, અમદાવાદ, ભાવનગર, વઢવાણ આદિ સ્થળેથી તેમજ સૌરાષ્ટ સેવા સમિતિના બંધુઓ આગેવાની ભરેલો ભાગ લઇ સેવા બજાવે છે તે જાણી આનંદ થાય છે. અને સંકટમાં સપડાયેલા મનુષ્યોને જલદીથી સંકટ દૂર થાય તે માટે વધારે જોરથી તેઓ જન સેવા કરે એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

## શેઠ શ્રી ભાણાભાઈ ભુદરાજીનો સ્વર્ગવાસ.

મુંબઇમાં ઘણા વર્ષોથી ચાલતી શેઠ કેસરીચંદ ભાણાભાઇની પેઢીના માલેક શેઠ ભાણાભાઇ ગયા અશાડ વદી ૮ શુકરવારના રોજ પોતાના વતન બીલીમોરા શહેરમાં સ્વર્ગવાસ પામ્યા છે. શેઠ ભાણાભાઇ સરલ સ્વભાવી, શાંત, સાદા અને દેવ, ગુરૂ અને ધર્મના ઉપાસક હતા. વ્યવહાર અને વ્યાપારની દુનિયાનો અભ્યાસ કરી પોતાની શરાફી પેઢીને સારી રીતે ખીલવી હતી સ્ત્રી કેળવણી ઉપર પ્રેમ હોવાથી પોતાના વતનમાં એક કન્યાશાળાનો જન્મ આપ્યો હતો. બીલીમોરાના તેઓશ્રી નગરશેઠ હોવા સાથે બીજી સખાવતો સાથે નાગરીકોની પણ સેવા સારી રીતે પોતાની જીંદગીમાં કરી હતી. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ અને શેઠ ફકીરચંદભાઇ વગેરે તેમના કુટુંબીઓ મરહૂમના પગલે ચાલી તેમની કીર્તિમાં વૃદ્ધિ કરી તેમના નામને વિશેષ ઉજવળ કરે એમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# જૈન આત્માનંદ સભા—ભાવનગર તરફથી

## પ્રસિદ્ધ થયેલા ગ્રંથોનું

( સંસ્કૃત–માગધી, મૂળ ટીકાના તથા ગુજરાતી ભાષાના ભાષાંતરના તથા
જૈન ઐતિહાસિક વગેરે ગ્રંથોનું )

# સૂચીપત્ર.



વીર સંવત ૨૪૫૩ આત્મ સંવત ૩૨ વિક્રમ સંવત ૧૯૮૩

**સૂચના**—સિવાય અમારે ત્યાં જૈનધર્મનાં તમામ ગ્રંથો, જેવા કે–શાહ ભીમશી માણેક–મુંબઇ, શાહ મેઘજી હીરજી–મુંબઇ, શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર, શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ–મુંબઇ, શાહ હીરાલાલ હંસરાજ—જામનગર, સલાત અમૃતલાલ અમરચંદ–પાલીતાણા, શ્રી જૈન સસ્તી વાંચનમાળા—ભાવનગર, વિગેરે પુસ્તકો પ્રકટકર્ત્તાના તમામ પુસ્તકો, તેમજ અન્યના પુસ્તકો, નકશાઓ, અને મુનિરાજ તથા તીર્થોના તેમજ શ્રી તીર્થંકર ભગવાન તથા શ્રીગૌતમસ્વામીના ફોટોગ્રાફ ( છબીઓ ) અમારે ત્યાંથી મળશે. નફો જ્ઞાનખાતામાં જાય છે, જેથી મંગાવનારને તે પણ લાભ થાય છે.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા.
**ભાવનગર.**

આનંદ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભા તરફથી અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથો.

( સંસ્કૃત, માગધી અને મૂળ ટીકાના ગ્રંથો. )

| નંબર. | | |
|---|---|---|
| + ૧ | સમવસરણ સ્તવઃ અવચૂરિ... | ૦–૧–૦ |
| + ૨ | ક્ષુલ્લકભવાવલી ... ... ... | ૦–૧–૦ |
| + ૩ | લોકનાલિકા દ્વાત્રિંશિકા. ... | ૦–૨–૦ |
| + ૪ | યોનિસ્તવઃ ... ... ... | ૦–૧–૦ |
| + ૫ | કાલસપ્તતિકા. ... ... ... | ૦–૧–૬ |
| + ૬ | દેહસ્થિતિ. ... ... ... | ૦–૧–૦ |
| + ૭ | સિદ્ધદંડિકા. ... ... ... | ૦–૧–૦ |
| + ૮ | કાય સ્થિતિ. ... ... ... | ૦–૨–૦ |
| + ૯ | ભાવ પ્રકરણ.... ... ... | ૦–૨–૦ |
| +૧૦ | નવતત્ત્વ ભાષ્ય. ... ... | ૦–૧૨–૦ |
| +૧૧ | વિચારપંચાશિકા ... ... | ૦–૨–૦ |
| +૧૨ | બંધષટ્ ત્રિંશિકા. ... ... | ૦–૨–૦ |
| +૧૩ | પરમાણું પુદ્ગલ, નિગોદ ષટ્ત્રિંશિકા ... ... ... | ૦–૩–૦ |
| +૧૪ | શ્રાવકવ્રત ભંગ પ્રકરણ. ... | ૦–૨–૦ |
| +૧૫ | દેવવંદન ભાષ્ય. ... ... | ૦–૫–૦ |
| ૧૬ | સિદ્ધપંચાશિકા. ... ... | ૦–૨–૦ |
| ૧૭ | અન્નાયઉંચ્છકુલકમ્ ... ... | ૦–૨–૦ |
| ૧૮ | વિચાર સપ્તતિકા. ... ... | ૦–૩–૦ |
| ૧૯ | અલ્પબહુત્વ શ્રી મહાવીર સ્તવ. | ૦–૨–૦ |
| +૨૦ | પંચસૂત્રમ્. ... ... ... | ૦–૬–૦ |
| +૨૧ | શ્રી જંબુચરિત્ર. ... ... | ૦–૪–૦ |
| +૨૨ | રત્નપાળનૃપકથા. ... ... | ૦–૫–૦ |
| ૨૩ | સુક્ત રત્નાવલી. ... ... | ૦–૪–૦ |
| ૨૪ | મેઘદૂત્ત. ... ... ... | ૦–૪–૦ |
| ૨૫ | ચેતોદૂત ... ... ... | ૦–૪–૦ |
| +૨૬ | પર્યુષણાષ્ટાન્હિક વ્યાખ્યાન.... | ૦–૬–૦ |
| +૨૭ | ચંપકમાલા કથા. ... ... | ૦–૬–૦ |
| +૨૮ | સમ્યકત્વકૌમુદિ. ... ... | ૦–૧૨–૦ |
| +૨૯ | શ્રાદ્ધગુણવિવરણ. ... ... | ૧–૦–૦ |
| +૩૦ | ધર્મરત્ન પ્રકરણ. ... ... | ૦–૧૨–૦ |
| +૩૧ | શ્રી કલ્પસૂત્રસુબોધિકા... ... | ૦–૦–૦ |
| +૩૨ | શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર.... ... | ૫–૦–૦ |
| +૩૩ | ઉપદેશ સપ્તતિકા. ... ... | ૦–૧૩–૦ |
| +૩૪ | કુમારપાળ પ્રબંધ. ... ... | ૧–૦–૦ |
| +૩૫ | આચારોપદેશ.... ... ... | ૦–૩–૦ |
| ૩૬ | રોહિણી અશોકચંદ્ર કથા. ... | ૦–૨–૦ |
| +૩૭ | ગુરૂગુણષટ્ત્રિંશિકા. ... ... | ૦–૧૦–૦ |
| +૩૮ | જ્ઞાનસાર અષ્ટક મૂળ તથા ટીકા. | ૧–૪–૦ |
| +૩૯ | સમયસાર. ... ... ... | ૦–૧૦–૦ |
| +૪૦ | સુકૃતસાગર. ... ... ... | ૦–૧૨–૦ |
| +૪૧ | ધમ્મિલકથા. ... ... | ૦–૨–૦ |
| ૪૨ | પ્રતિમાશતક. ... ... ... | ૦–૮–૦ |
| ૪૩ | ધન્ય કથા. ... ... ... | ૦–૨–૦ |
| ૪૪ | ચતુર્વિંશતિજિન સ્તુતિ સંગ્રહ. | ૦–૬–૦ |
| ૪૫ | રોહણેય ચરિત્ર. ... ... | ૦–૨–૦ |
| +૪૬ | શ્રી ક્ષેત્રસમાસ... ... ... | ૧–૦–૦ |
| +૪૭ | બૃહત્ સંઘયણી. ... ... | ૨–૮–૦ |
| +૪૮ | શ્રાદ્ધવિધિ. ... ... ... | ૨–૮–૦ |
| +૪૯ | ષટ્દર્શન સમુચ્ચય મૂળ ટીકા... | ૩–૦–૦ |
| +૫૦ | પંચસંગ્રહ. ... ... ... | ૩–૮–૦ |
| ૫૧ | સુકૃત સંકિર્તન મહાકાવ્યમ્ ... | ૦–૮–૦ |
| +૫૨ | પ્રાચીન ચાર કર્મગ્રંથ સટીક. | ૨–૮–૦ |
| +૫૩ | સંબોધસિત્તરી... ... ... | ૦–૧૦–૦ |
| +૫૪ | કુવલયમાળા. ... ... ... | ૧–૮–૦ |

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકે નથી.

For Private And Personal Use Only

- +૫૫ સામાચારી પ્રકરણ ... ... ૦—૮—૦
- ૫૬ કરૂણાવજ્રાયુદ્ધ નાટક. ... ૦—૪—૦
- +૫૭ કુમારપાળ મહાકાવ્યમ્. ... ૦—૮—૦
- +૫૮ શ્રી મહાવીર ચરિત્ર ... ... ૧—૦—૦
- ૫૯ કૌમુદિ મિત્રાણંદ નાટકમ્ ... ૦—૬—૦
- ૬૦ પ્રબુદ્ધ રોહિણેયમ્ ... ... ૦—૫—૦
- ૬૧ ધર્માભ્યુદયમ્.... ... ... ૦—૪—૦
- +૬૨ પંચનિર્ગ્રન્થી પ્રજ્ઞાપના તૃતીય પાદ સંગ્રહણી પ્રકરણ ... ૦—૬—૦
- ૬૩ રયણસેહરી કથા. ... ... ૦—૬—૦
- ૬૫ સિદ્ધ પ્રાભૃત સટીકમ્... ... ૦-૧૦-૦
- +૬૫ દાનપ્રદીપ. ... ... ... ૨—૦—૦
- ૬૬ બંધ હેતૂદયત્રિભંગી પ્રકરણ... ૦-૧૦-૦
- ૬૭ ધર્મપરિક્ષા. ... ... ... ૧—૦—૦
- ૬૮ સપ્તતિસત સ્થાન પ્રકરણ. ... ૧—૦—૦
- ૬૯ ચૈત્યવંદન મહાભાષ્ય. ... ૧-૧૨-૦
- ૭૦ પ્રશ્ન પદ્ધતિ ... ... ... ૦—૨—૦
- ૭૧ શ્રી કલ્પસૂત્ર કિરણાવલી. ...
- ૭૨ યોગદર્શન ( હિંદી ) ... ... ૧—૮—૦
- ૭૩ મંડલ—પ્રકરણ ... ... ૦—૪—૦
- ૭૪ દેવેંન્દ્ર નરકેંન્દ્ર પ્રકરણ ... ૦-૧૨-૦
- ૭૫ સુમુખ નૃપાદિ કથા... ... ૦-૧૧-૦
- ૭૬ જૈન મેઘદૂત ... ... ... ૨—૦—૦
- ૭૭ શ્રાવક ધર્મ વિધિ ... ... ૦—૮—૦
- ૭૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય. ... ... ૩—૦—૦
- વસુદેવ હીંડિ છપાય છે.

( વગર નંબરના. )

- ૧ સુસઢ ચરિત્ર. ... ... ... ૦—૨—૦
- ૨ શ્રી અનુત્તરોવવાઇ સૂત્ર. ... ૦—૬—૦
- ૩ નળ દમયંતી મૂળ. ... ... ભેટ.
- × ૪ મેરૂ ત્રયોદશી કથા ... ... ૦—૪—૦
- × ૫ સુદર્શના ચરિત્ર (પ્રથમ ભાગ) ૦—૬—૦
- × ૬ જલ્પમંજરી... ... ... ૦—૨—૦
- × ૭ જૈન વૃત્ત ક્રિયા વિધિ.. ... ભેટ.
- × ૮ સાધુઆવસ્યક ક્રિયાના સૂત્રો. ભેટ.

## પ્ર૦ શ્રી કાં૦ જૈન ઐતિહાસિક ગ્રંથ.

- + ૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી. ... ... ૧—૦—૦
- + ૨ કૃપારસકોષ ... ... ૧—૦—૦
- + ૩ શ્રીશત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ. ૦-૧૦-૦
- + ૪ પ્રાચીન જૈન લેખ... ... સંગ્રહ પ્રથમ ભાગ ... ૧—૦—૦
- ૫ દ્રૌપદી સ્વયંવર નાટક ... ૦—૪—૦
- ૬ પ્રાચીન લેખ સંગ્રહ ભા. ૨ જો.૩—૮—૦
- ૭ જૈન ઐતિહાસિક ગુર્જર ... કાવ્ય સંચય. ... ... ૨-૧૨-૦

## અન્ય ગ્રંથો.

- ૧ તત્ત્વ નિર્ણય પ્રાસાદ. ... ૧૦—૦—૦
- ૨ સિદ્ધાંત મુક્તાવલી. ... ૦—૪—૦
- ૩ જૈન ભાનુ. ... ... ૦—૮—૦
- ૪ વિશેષ નિર્ણય. ... ... ૦—૪—૦
- ૫ વિમલ વિનોદ. ... ... ૦-૧૦-૦
- ૬ સજ્જન સન્મીત્ર.... ... ૪—૦—૦
- ૭ અભયકુમાર ચરિત્ર ભાગ ૧ લો. ૨—૪—૦
- ૮ અભયકુમાર ચરિત્ર ભાગ ૨ જો. ૩—૦—૦
- ૯ શ્રી ગૌતમ સ્વામીની છબી રંગીન. ૦-૧૦-૦
- ૧૦ શ્રી મહાવીર સ્વામીની છબી રંગીન. ૦—૮—૦
- ૧૧ સત્તર ભેદી પૂજા ( હારમોનીયમ નોટેશન—સારીગમ સાથે. ) ... ૦—૪—૦
- ૧૨ ચૌદ રાજલોક પૂજા. ... ૦—૧—૦
- ૧૩ સમ્યક દર્શન પૂજા... ... ૦—૧—૦
- ૧૪ શ્રી નયોપદેશ સંસ્કૃત. ... ૧—૦—૦
- ૧૫ શ્રી ગાંગેય ભંગ પ્રકરણ સંસ્કૃત. ૦—૪—૦
- ૧૬ શ્રી આત્મવલ્લભ પૂજા સંગ્રહ... ૧—૮—૦
- ૧૭ સઝાય માળા ભાગ ૧ થી ૪ દરેકના... ... ... ... ૨—૦—૦

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકમાં નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુજરાતી ભાષાના–ભાષાંતર વગેરેના ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧ | જૈન તત્ત્વાદર્શ. ... ... | ૫–૦–૦ |
| + ૨ | અજ્ઞાનતિમિરભાસ્કર. ... | ૨–૮–૦ |
| ૩ | ધર્મબિન્દુગ્રંથ. બીજી આવૃત્તિ. | ૨–૦–૦ |
| ૪ | આત્મપ્રબોધગ્રંથ. ... ... | ૨–૮–૦ |
| + ૫ | ધ્યાનવિચાર ... ... | ૦–૩–૦ |
| ૬ | શ્રી પ્રકરણ સંગ્રહ. ... ... | ૦–૪–૦ |
| ૭ | શ્રાવક કલ્પતરૂ. ... ... | ૦–૬–૦ |
| + ૮ | આત્મોન્નતિ. ... ... | ૦-૧૦-૦ |
| + ૯ | પ્રકરણપુષ્પમાળા. ... ... | ૦–૬–૦ |
| ૧૦ | વિવિધ પૂજા સંગ્રહ. ... ... | ૧–૮–૦ |
| ૧૧ | જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર. | ૦–૮–૦ |
| ૧૨ | કુમારવિહારશતક. ... ... | ૧–૮–૦ |
| +૧૩ | દેવસીરાઈ પ્રતિક્રમણ. ... | ૦–૩–૦ |
| ૧૪ | હંસવિનોદ. ... ... ... | ૦-૧૨-૦ |
| ૧૫ | પ્રશ્નોત્તર પુષ્પમાળા. ... | ૦-૧૪-૦ |
| ૧૬ | નવતત્ત્વનો સુંદરબોધ. ... | ૦-૧૦-૦ |
| ૧૭ | આત્મવલ્લભ સ્તવનાવળી. ... | ૦–૬–૦ |
| ૧૮ | જીવવિચારવૃત્તિ. ... ... | ૦–૬–૦ |
| ૧૯ | દંડક વિચારવૃત્તિ. ... ... | ૦–૮–૦ |
| ૨૦ | નયમાર્ગદર્શક. ... ... | ૦-૧૨-૦ |
| ૨૧ | જૈન તત્ત્વસાર મૂળ તથા ... ભાષાંતર. ... ... ... | ૦–૬–૦ |
| +૨૨ | સદર ભાષાંતર. ... ... | ૦–૨–૦ |
| ૨૩ | મોક્ષપદ સોપાન. ... ... | ૦-૧૨-૦ |
| ૨૪ | શ્રીજંબુસ્વામી ચરિત્ર. ... | ૦–૮–૦ |
| ૨૫ | નવાણુ પ્રકારી પૂજા અર્થ સાથે. | ૦–૮–૦ |
| ૨૬ | જૈન ગ્રંથ ગાઇડ. ... ... | ૧–૦–૦ |
| ૨૭ | તપોરત્નમહોદધિ ( તપાવલી ) ભાગ ૧, ૨ જો. ... ... | ૧–૦–૦ |
| ૨૮ | વિવિધપૂજાસંગ્રહ નવી આવૃત્તિ. | ૧–૮–૦ |
| ૨૯ | શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ. ... | ૦–૪–૦ |
| +૩૦ | શ્રીશ્રાદ્ધગુણ વિવરણ. ... | ૨–૦–૦ |
| ૩૧ | ચંપકમાલા કથા. ... ... | ૦–૮–૦ |
| +૩૨ | કુમારપાળ ચરિત્ર. ... ... | ૦–૬–૦ |
| ૩૩ | સમ્યક્ત્વ કૌમુદિ. ... ... | ૧–૦–૦ |
| ૩૪ | પ્રકરણપુષ્પમાલા. ( ૨ ) ... | ૦–૮–૦ |
| +૩૫ | અનુયોગ દ્વારસૂત્ર. ... ... | ૦–૫–૦ |
| ૩૬ | અધ્યાત્મ મત પરિક્ષા. ... | ૦–૪–૦ |
| ૩૭ | ગુરૂગુણ છત્રીશિ. ... ... | ૦–૬–૦ |
| ૩૮ | શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવળી. | ૦–૫–૦ |
| ૩૯ | આત્મકાંતિ પ્રકાશ. ... ... | ૦–૮–૦ |
| ૪૦ | જ્ઞાનામૃત કાવ્યકુંજ. ... ... | ૦–૮–૦ |
| +૪૧ | દેવભક્તિમાળા પ્રકરણ. ... | ૧–૦–૦ |
| ૪૨ | ઉપદેશ સપ્તતિકા. ... ... | ૧–૦–૦ |
| ૪૩ | સંબોધ સપ્તતિકા. ... ... | ૧–૦–૦ |
| ૪૪ | પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા. | ૧–૮–૦ |
| ૪૫ | શ્રી નેમનાથ ચરિત્ર. ... ... | ૨–૦–૦ |
| ૪૬ | સુમુખ નૃપાદિ કથા. ... ... | ૧–૦–૦ |
| ૪૭ | શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧લો. | ૨–૦–૦ |
| ૪૮ | આદર્શ જૈન સ્ત્રીરત્નો. ... | ૧–૦–૦ |
| ૪૯ | શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો. | ૨–૮–૦ |
| ૫૦ | દાન પ્રદીપ. ... ... ... | ૩–૦–૦ |
| ૫૧ | શ્રીનવપદજી પૂજા અર્થ સહિત. | ૧–૪–૦ |
| ૫૨ | કાવ્ય સુધાકર... ... ... | ૨–૮–૦ |
| ૫૩ | આચારોપદેશ.... ... ... | ૦–૮–૦ |
| ૫૪ | ધર્મ રત્ન પ્રકરણ. ... ... | ૧–૦–૦ |
| ૫૫ | પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત. | ૧-૧૨-૦ |
| ૫૬ | આત્મવિશુદ્ધિ ... ... ... | ૦–૬–૦ |
| ૫૭ | શ્રી કુમારપાળ પ્રતિબોધ. ... | ૩-૧૨-૦ |
| | શ્રીવિમલનાથ ચરિત્ર | છપાય છે. |
| | શ્રીપ્રભાવક ચરિત્ર. | ,, |

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

+ આ નિશાનીવાળા પુસ્તકો શીલકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઐતિહાસિક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

# જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળાનું આ સાતમું પુષ્પ છે, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીશ કાવ્યોનો સંચય છે. તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર વગેરે છે. કાવ્યનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ છ સૈકાના અંતર્ગત સૈકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યક્તિ મહાશયોના રંગથી રંગાયેલ હોઇ તેમાંથી અદ્દભૂત કલ્પના, ચમત્કારિક બનાવો અને વિવિધ રસોના આસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં આપી આ ઐતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે. વિશેષ લખવા કરતાં વાંચવા ભલામણ કરીએ છીએ.

કિંમત ૨–૧૨–૦ પોસ્ટેજ જુદું. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## જૈન સસ્તી વાંચનમાળાનાં પ્રભાવના કરવા માટેનાં પુસ્તકો.

પ્રભાવના કરવા લાયક અમારા પુસ્તકો એકી અવાજે વખણાયા છે કારણકે બાળકોને ઉત્તમ પ્રકારનું ચારિત્ર આપી ઉચ્ચ સંસ્કારી બનાવે છે. દેખાવમાં સુંદર શુદ્ધ છતાં કીંમત ઘણીજ સસ્તી છે. ઘણા શ્રીમંતોએ અમારાં પુસ્તકો પાઠશાળાના ઇનામી મેળાવડામાં, લગ્નાદિ શુભ પ્રસંગોમાં સામટા મંગાવી વહેંચ્યા છે. **પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં તો દરેક સ્થળે અમારાંજ પુસ્તકોની પ્રભાવના થાય છે.**

| | એક નકલના. | સો નકલના. |
|---|---|---|
| ૧ જૈન નિત્ય પાઠ સંગ્રહ નવસ્મરણ અને બીજાં સ્તોત્રો છંદો, રાસ વિ. | ૦–૨–૦ | ૮–૦–૦ |
| ૨ પ્રાતઃસ્મરણમાળા ( છંદો રાસ વિ. ) ... ... ... | ૦–૨–૦ | ૬–૦–૦ |
| ૩ સ્નાત્રપૂજા શ્રીદેવચંદ્રજીકૃત તથા અષ્ટપ્રકારી પૂજાના દોહા. ... | ૦–૨–૦ | ૬–૦–૦ |
| ૪ પાંચ પદની અનુપુર્વી.... ... ... ... ... | ૦–૧–૬ | ૫–૦–૦ |
| ૫ પુણ્ય પ્રકાશનું સ્તવન... ... ... ... ... | ૦–૧–૦ | ૪–૦–૦ |
| ૬ રત્નાકર પચ્ચીશી. ... ... ... ... ... | ૦–૦–૬ | ૨–૮–૦ |
| ૭ શ્રી કયવન્ના શેઠનું ચરિત્ર. ... ... ... ... | ૦–૨–૦ | ૮–૦–૦ |
| ૮ શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ ... ... ... ... | ૦–૨–૦ | ૮–૦–૦ |
| ૯ ક્ષમાવીર ગજસુકુમાર... ... ... ... ... | ૦–૨–૦ | ૮–૦–૦ |
| ૧૦ મહાસતી ચંદનબાળા... ... ... ... ... | ૦–૨–૦ | ૮–૦–૦ |
| ૧૧ ચૌદ નિયમ તથા બાર વ્રતની ટીપ. ... ... ... | ૦–૧–૬ | ૬–૦–૦ |

**જૈન સસ્તી વાંચનમાળા**–રાધનપુરી બજાર—**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## અર્ધ ઉપરાંત નકલો ખપી ગઈ છે.

પણ હવે તે દુર્લભ કે અપ્રાપ્ય બને તે પહેલાં જ

# વર્ષ–પ્રબોધ

અને

# અષ્ટાંગ નિમિત્ત.

**ની એક નકલ ખરીદી લેવામાં પ્રમાદ ન કરતા.**

જ્યોતિષ્, નિમિત્ત, શકુન, મંત્ર, તંત્ર, સ્વરોદય તેમજ એવા અગણિત વિષયોનો આવો સુંદર સમાવેશ તમને બીજા કોઈ ગ્રંથમાં નહીં મળે.

બારે માસના વાયુના વિચાર, વિજળી અને તેનાં ફળ; વર્ષાવિચાર, વરસના વર્ત્તારા, ભૂમિકંપ, વ્યંજન નિમિત્ત, અંતરિક્ષ નિમિત્ત, રમલશાસ્ત્ર, પ્રાણાયામ ઉપરાંત ન્હાના–મ્હોટા રોજ ઉપયોગમાં આવે એવા વિષયોથી આ ગ્રંથ ભરચક છે.

બે દિવસ પછી જ્યારે આ ગ્રંથ શોધ્યો પણ હાથ નહીં આવે ત્યારે તમને પોતાને જ લાગશે કે–" પહેલેથી જ ગ્રાહક તરિકે નામ નોંધાવ્યું હોત તો કેવું સારૂં થાત ? "

**—: હજી સમય છે. :—**

કીંમત રૂા ૮–૦–૦

નીચેના શીરનામે લખીને મંગાવી લ્યો—

**શ્રી જૈન સસ્તી વાંચનમાળા.** ભાવનગર.

**માસ્તર પોપટલાલ સાકરચંદ.** જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર.


For Private And Personal Use Only